સત્યં વદ
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥
ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ ભાદરવો, સપ્ટેમ્બર – ૨૦૧૬ અંક – ૯



## માધવ ગુરૂકુળની લોકાર્પણ વિધિ

માધવ ગુરૂકુળનું ઉદ્ઘાટન ગૃહમંત્રી આત્મારામભાઇ પટેલ એવં ઉદ્યોગપતિ રૂપિનભાઇ ભલસાણી સાથે પ.પૂ. સ્વામીજી મહારાજ દીપ પ્રાગટય દ્વારા લોકાર્પણ. તા. ૯-૫-૧૯૯૭, શુક્રવાર





**Public dedication ceremony of Madhav Gurukul**

param adorable swamiji maharaj doing by dip jyot and given to Madhav family on dated 9/5/1997 friday in the presence of Honerable home minister of gujrat government shri Atamarambhai patel and Honerable Bisnessman Mr. Rupinbhai Bhanshali.

## શ્રી માધવ ગુરૂકુળનાં સંસ્મરણો...



**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૮ / સપ્ટેમ્બર–૨૦૧૬/ અંક–૯


## અનુક્રમણિકા


**૪** કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**૮** ગુરૂપૂર્ણિમા મહોત્સવ
રજુ. કિરણ મહેશભાઈ ભરોડિયા (પાલડી)

**૧૮** એકાદશી શા માટે કરવાની ? સાચા અર્થમાં એકાદશી
રજુ. મંજુલાબેન જે. કોશિયા (ચોગઠ)

**૨૦** સત્સંગથી થતો લાભ...
રજુ. હંસાબેન બી. (ચોગઠ)

**૨૧** સત્સંગ સમાચાર
સંકલિત

**૨૨** સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*યાવજ્જીવો નિવસતિ દેહે કુશલં તાવત્પૃચ્છતિ ગેહે ।*
*ગતવતિ વાયૌ દેહાપાયે ભાર્યા બિભ્યતિ તસ્મિન્કાયે ।*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૫ ॥*

### ભાવાર્થ

જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી જ લોકો ઘરમાં ખબર અંતર પૂછે છે, પ્રાણ નીકળી જતાં શરીર ઢળી પડયું કે પછી પત્નિ પણ તેનાથી ડરે છે, માટે હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ કરણે' ગોખવાથી રક્ષા નહીં થાય. ॥ ૧૫ ॥


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

કો'કનું મુંબઈ પણ પહોંચી ગયું હશે, લાભુભાઈ જેવાનું પહોંચ્યા હશે કે નહીં. પહોંચ્યા હોય, બોલો ? તો મન ગયા પેલા આત્મા ત્યાં તો હોય હોય ને હોય કેમ કે આત્મા તો વ્યાપક છે. એટલે શરીર બેઠું હોય તોય આત્મા દૂરનો દૂર જયાવે. જો કે આત્મા નહીં પણ મન જાય એવું સમજવાનું પણ મન ગયું એટલે આત્મા ગયો એવી અનુભૂતિ થાય પ્રતિતિ થાય. મૂળભૂત સર્વભૂત આત્મા આવતો નથી ને જતો નથી. પણ અનુભૂતિ એવી થાય એટલે વિરુધ્ધ ધર્મ થાય અનેક પ્રકારની એટલે ભ્રાંતિઓ થયા કરે. વાસ્તવિક રીતે, એનું શું ખરું સ્વરૂપ છે ? શરીર ખરૂ સ્વરૂપ છે કે મન ખરું સ્વરૂપ છે કે એનું શુદ્ધ સ્વરૂપ આત્મા છે ? તો શુદ્ધ સ્વરૂપ એનું ખરૂં સ્વરૂપ છે. ઉપાધિથી. શરીરની ઉપાધીથી શરીર થઈ જાય છે. મનની ઉપાધીથી મન થઈ જાય છે. એટલા માટે શરીર તો બેઠું હોય પણ તોય મનની ઉપાધિ લઈ આતમા દૂરનો દૂર વયો જાય છે એટલે **''आसीनो दुरं व्रजति शयानो याति सर्वतः।''** સૂતો હોય તોય બધે સપનામાં પહોંચી જાય. સપનું આવે છે ને તમને ? તો કયાંનો કયાંય પહોંચવું હોય તો...એટલે સૂતો હોય તોય બધે પહોંચી શકે છે. કેમ કે આત્મા તો બધે વ્યાપક છે છે ને છે. એટલા માટે તમારું શરીર ભલે સૂઈ રહ્યું હોય પણ તમે બધે જ વ્યાપક બધે જ પહોંચી શકો એમ છો આવો જે આત્મા છે. **''कस्तं मदामदं देवं मदन्यो ज्ञातुमर्हति''** તો યમરાજા કહે છે કે આ મદ અમદવાળો એટલે બંને ધર્મવાળો જેમ ઉપાધી ધર્મથી 'મદ' (એટલે) અભિમાન વાળો છે. 'અમદ' વાળો એટલે અભિમાન રહિત પણ છે. કર્તા પણ છે ને અકર્તા પણ છે. ભોક્તા છે ને અભોક્તા પણ છે. હલવા વાળો છે ને સ્થિર થવા વાળો પણ છે. ઉપાધી અને અનઉપાધી બંનેથી સમજવું. ઉપાધીથી એ કર્તા છે ને અનઉપાધીથી એ અકર્તા છે. ઉપાધીથી ભોક્તા છે ને અનઉપાધીથી અભોક્તા છે. એમ બેય વિરુદ્ધ ધર્મવાળા હોવાથી જલ્દી બીજા લોકો સમજી શકતા નથી એટલે કહે છે કે આ 'મહામદ' વાળો જે આત્મા દેવરૂપી પરમાત્મા એને **'मदन्यो ज्ञातुमर्हति'** એમ યમરાજા કહે છે કે જે સૂક્ષ્મ (બુદ્ધિ જેની સૂક્ષ્મ) હોય એજ એના (આત્માના) ખરા સ્વરૂપને જાણી શકે છે. બીજા (મૂઢ) જીવો એને જાણી શકતા નથી.

તો કેમ જાણવા એને હવે ધ્યાનથી આ શ્લોક પાકો કરવો હોય તો કરજો ૨૨ મો શ્લોક

**अशरीरम् शरीरेष्वनवस्थेष्वव स्थितम् ।**
**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥२२॥**
**॥१-२-२२॥**

તો આત્માને કેવો સમજવો, **''अशरीरं शरीरेषु''** એટલે અનેક શરીરની અંદર અશરીરી એક આત્મા છે. **''अशरीरम्''** એટલે શરીરમાં જે ધર્મો છે એ ધર્મો આત્મામાં નથી. શરીર જન્મે છે ને મરે છે. જયારે આત્મા જન્મતો નથી ને મરતો નથી શરીર વધે ઘટે છે. જયારે આત્મા વધતો-ઘટતો પણ નથી. શરીર કાળું ધોળું થાય છે પણ આત્મા કાળો ધોળો પણ થતો

નથી. શરીર અસત્ય છે જયારે આત્મા સત્ય છે. શરીર જડ છે જયારે આત્મા ચેતન છે. શરીર દુઃખ રૂપ છે જયારે આત્મા સુખ સ્વરૂપ છે. એટલે **''अशरीरम् शरीरेषु''** શરીરમાં રહેવા છતાં એ અશરીરી છે. એટલે શરીરના ધર્મો એને (આત્માને) કોઈ લાગતા નથી. તમે સમજો કે કોઈ દારૂડિયાની વચમાં રહેવા છતાં દારૂ પીતો નથી. ઘણાં કહેને કે વિદેશમાં જાય એ બધા (દારૂ) પીવે પણ બધાં કાંઈ પીતા નથી. તો એમ આ શરીરની અંદર રહેવા છતાં એને કાંઈ થતું નથી. જેમ આપણા મકાનમાં આકાશ છેને તો મકાન આખું બળી જાય તો આકાશ બળે નહીં. જે બીજા બધાને સાથે સાથે અસર કરે લાકડાને લોઢાને પતરાને બધાને અસર કરે પણ આકાશને કાંઈ અસર થાય નહીં. કેમ કે આકાશને રૂપ, રંગ, ગંધ કાંઈ હોતું નથી. એમ આત્મા આકાશ કરતાં પણ સૂક્ષ્મ છે.

**''आत्मन आकाशः सम्भूतः। आकाशाद्वायुः। वायोरग्निः। अग्नेरापः। अद्भ्यः पृथिवि। पृथिव्या ओषधयः। ओषधीभ्योऽन्नम्। अन्नादविर्यं। तातो प्रजायन्ते।''**

(તૈતિરીયોપનિષદ)

તૈતિરીયોપનિષદમાં કહ્યું છે કે **''आत्मन आकाशः सम्भूतः।''** આત્માથી આકાશ ઉત્પન્ન થાય છે. આકાશમાં એક શબ્દ ગુણ હોય જયારે આત્મામાં કોઈ ગુણ નહીં. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ કોઈ ગુણ હોતા નથી. એટલે અત્યંત સૂક્ષ્મ આકાશ કરતાં પણ આત્મા સૂક્ષ્મ છે. આકાશની તો ઉત્પત્તિ પણ છે. જયારે આત્માની તો ઉત્પતિ પણ નથી. એ તો પેલાથી છે છે ને છે. **''ન જાયતે મ્રિયતે કદાચિન''** એટલે એવો આત્મા કોઈ દિ' જન્મતો નથી ને મરતો પણ નથી. એટલે આત્માથી આકાશ ઉત્પન્ન થયું એટલે આકાશમાં એક શબ્દ ગુણ આવ્યો. આકાશથી વાયુ ઉત્પન્ન થયો એટલે વાયુમાં બે ગુણો આવ્યા. શબ્દ અને સ્પર્શ. વાયુમાંથી તેજ ઉપન્ન થયું તો તેજમાં ત્રણ ગુણ આવ્યા. શબ્દ, સ્પર્શ અને રૂપ અને તેજમાંથી જળ ઉત્પન્ન થયું જળમાં ચાર ગુણો આવ્યા શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ. એનાથી પૃથ્વી ઉત્પન્ન થઈ એમાં પાંચ ગુણો આવ્યા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ. તો આ રીતે એક પછી એક સ્થૂળ થતું ગયું જાડું થતું ગયું એટલે વધારે દેખાતું થતું ગયું જેમ પૃથ્વીને સુંઘી ય શકાય ને જોઈય શકાય ને ટાઢી-ઊની છે એમય સમજી શકાય બધું થઈ શકે. જળને પછી પકડવું હોય તો જલ્દી હાથમાં પકડાતું નથી. વાસણ-વાસણ કાંઈ લેવું પડે. એથી આગળ જાવ તો અગ્નિ. અગ્નિ તો અડાતીય નથી. અડો તોય બળી જાય. એટલે એનો સ્પર્શ પણ બિલકુલ થતો નથી. એની આગળ વાયુ. વાયુ તો હાથમાંય આવતો નથી. એથી (આગળ) આકાશ છે. કોઈ દિ' બોલે છે પણ બીજે કંઈ કોઈ રીતે થતું નથી. વાયુને પર આકાશને (આકાશનો ગુણ) શબ્દ એટલે 'આકાશ છે'. એમ શબ્દ જ બોલી શકાય બીજું કાંઈ થઈ શકતું નથી. જયારે આત્મામાં તો શબ્દય નથી. જયાં વાણી પણ ત્યાંથી પાછી વળી શકે એવી **''अशरीरं शरीरेषु''** શરીરોની અંદર અશરીરી એક આત્મા છે જેને કોઈ વિકાર નથી. એવો હું આત્મા છું એમ રોજ અભ્યાસ કરવો એની હારે હું લગાડવું કોની હારે ? બોલો ? જે વધે નહીં ઘટે નહીં બગડે નહી. વિકાર થાય નહીં. એવા આત્માની સાથે હું પણું રાખવું. મરવા વાળું હોય ઘટવા વાળું હોય બગડવા વાળું હોય એને હું માનશો તો તમારેય બધા દુઃખો હારે હારે ઉપાડવા પડશે. જેમ કોઈ હિંસા કરી હોય, મેં માર્યો એમ કહો તો પોલીસ પકડીને જેલ ભેગો કરી દે. એમ હું કર્તા છું એમ માનો એટલે પુણ્ય ને પાપ બંને ભોગવવા પડે. એટલા માટે કર્તૃત્વ ભોકૃત્વ તમામ બંધનોથી મુક્ત આત્મા છે એવું દ્રઢ જ્ઞાન કરવાની ચિંતા મટે છે કરવાની ને ભોગવવાની બેય ચિંતા. મારાથી નથી થતું હું નથી કરી શકતો મારાથી આ ન થયું એ ચિંતા અને પછી મને બોવ ભોગવવું પડશે કર્તૃત્વ ભોકતૃત્વ બંને નીકળી જવાથી બધી ચિંતા નીકળી જશે તો શરીરમાં કતૃત્વ ભોકતૃત્વ છે જયારે આત્મા કર્તા નથી ને ભોકતા પણ નથી. શુદ્ધ આત્માની આ વાત છે એટલું યાદ રાખજો. કયાંક કર્તા પણું કહ્યું હોયને તો સમજવું કે ઉપાધી વાળા આત્માને. એ શાસ્ત્રોને સમજવાની રીત યાદ રાખો. શાસ્ત્રોમાં ભોગવે છે એમય કહ્યું હોય ને નથી ભોગવતો એમ ય કહ્યું હોય. એટલા માટે સમજાવવું પડે નહીંતર સમજાવવાની જરૂર જ ના પડે. ગુરુની જરૂર શું કામ પડે ? કે બેવડું લખ્યું (હોય) એટલે સમજવા માટે

ગુરુની જરૂર પડે. દવાઓ ઘણાં પ્રકારની હોય એટલે ડોકટરની જરૂર પડે કઈ દવા કયા કામમાં (રોગમાં) કયા માત્રામાં કેટલી લેવી એ લેવા (જાણવા) માટે ડોકટરની પાસે જવું પડે. નહીંતર તાવની દવા આ હોય ને પેલાની આ હોય, ઘણાંને ખબર હોય. પણ કેટલી માત્રામાં કયા પ્રકારનો તાવ આવ્યો હોય કયો થયો છે એ ખબર પડવા માટે જાણવા માટે ડોકટરની પાસે જવું જોઈએ. એમ ગુરુની પાસે વિરુધ્ધ ધર્મ વાળાને સમજવા માટે જવું પડે. શરીરની સાથે સબંધ બાંધે ત્યારે આત્મામાં અનેક ધર્મો છે અને શરીરનો સબંધ ન હોય ત્યારે આત્મામાં કોઈ પ્રકારનાં ધર્મો નથી. એટલે કોઈ વિકારો નથી. તે પેલું **''अशरीरं शरीरेषु अनवस्थेषु वस्थितम्''** કે શરીરમાં ને આત્મામાં શું ફેર છે ? કે શરીર અનવસ્થિત છે ને આત્મા વ્યવસ્થિત છે. અનવસ્થિતનો અભિપ્રાય છે. બદલવા વાળું. વ્યવસ્થિત નથી એક સરખું નથી રે'તું. બાળક હોય તો જુવાન થઈ જાય જુવાન હોય તો ઘરડું થઈ જાય.

**जातो बालो युवा वृद्धा मूतोचाद पुनस्तथा ।**
**भ्रमति इत्येव संसारे घटीयंत्र समोवच ॥**

ઘડીયાળનો કાંટો જેમ ફરે એમ આ જીવનની અવસ્થા શરીરની બદલાયા કરે છે. બાળક પણું આવે જુવાનપણું આવે વૃદ્ધાવસ્થા આવે ફરીન મરીને પુનઃ બાળક પણું આવે. એમ અનાદિ કાળથી જયાં સુધી મુક્ત ન થાય ત્યાં સુધી ફરી ફરીને શરીરો બદલાયા કરે તો આત્મા હંમેશા વ્યવસ્થિત એક સરખો છે.

**મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું,**
**એ જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,**
**મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.**

(મીરાબાંઈ)

તો દેવળ એટલે શરીર. શરીર જૂનું થાય છે. હંસલો એટલે આત્મા કોઈ દિ' જૂનો થતો નથી. અનાર્ય એટલે એક સરખો જ રહે છે કોઈ દિ' ઘરડો કોઈ દી' બીમાર પાતળો થતો નથી. એટલા માટે એવા આત્માનું સ્વરૂપ દ્રઢ કરો. **''अनवस्थेषुवस्थितम्'' ''महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति।''**

હવે, ધ્યાનથી એ શબ્દ યાદ રાખો. **'महान्तं'** કે આત્મા મહાન હંસ છે. એટલે એને શરીર જેવડો સમજવો નહીં. શરીર જેવો સમજવો નહીં. શરીર જેવોય નથી ને શરીર જેવડો પણ નથી તો કેવડો છે ને કેવો છે ? તો આકાશ જેવો છે ને આકાશ જેવડો છે. રહ્યું યાદ ? બોલો ? કેવો છે ? આકાશ જેવો અને કેવડો છે ? તો આકાશ જેવડો અને કયાં છે ? તો બધે જ છે. ત્રણ શબ્દ ખૂબ યાદ રાખો. એ આત્મજ્ઞાન છે. ત્રણ જ શબ્દો બરોબર યાદ કરો. કેવડો છે ? કયાં છે ? ને કેવો છે ? જો એ ત્રણે સમજી ગયા તો તમે એની ઓળખાણ કરી લીધી એટલે આત્મા આકાશ સમાન નિર્લેપ છે આકાશ જેવડો મહાન વ્યાપક છે. આકાશ જેમ બધે છે એમ આત્મા પણ સર્વત્ર એકરૂપે રમી રહેલું છે. એટલે કહે છે **''महान्तं विभुं''** કે આત્મા વિભુ છે એટલે વ્યાપક છે જેમ આકાશ બધે છે એમ આત્મા પણ... તો આત્મા એટલે 'હું બધે છું' તો બધેય જે છે એ બધુંય તમને મળી ગયું 'હું એકલા શરીરમાં છું' એટલે એમ થાય કે એક બંગલો મને મળ્યો ને બીજા બંગલા બીજાને, એક મોટર મને મળી ને બીજી મોટરો બીજાને મળી. એક ગામમાં હું છું ને હજી હું સ્વર્ગમાં ગયો નથી ને વૈકુંઠમાં ગયો નથી. પણ જેને ગુરુ કૃપા થઈ હોય એને સમજાય કે હું તો વ્યાપક આત્મા છું વૈકુંઠ માય હું છું ને નીચેય હું છું ને ઉપર ય હું છું બહારય હું છું બધે હું ભરપૂર ભરેલો છું એટલે મારે નથી કાંઈ આવવાનું કે નથી કાંઈ જવાનું. શરીર આવે છે ને શરીર જાય છે. હું વ્યાપક આત્મા છું આકાશ સમાન બધે ભરપૂર ભરી રહેલો છું એટલે મારે આવા-ગમન નથી. નથી કયાંયથી આવવાનું કે નથી કયાંયથી જાવાનું એવું આત્મ સ્વરૂપ દ્રઢ કરવાથી પછી કામના રહેતી નથી. ધ્યાનથી યાદ રાખો શું ન રહે ? બોલો ? કામના એટલે ઈચ્છાઓ.

**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।**
**अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥**

(કઠોપનિષદ)

જયારે બધી કામનાઓ છૂટે ત્યારે માનવ મુક્ત થયો કહેવાય. **''अथ मर्त्योऽमृतो भवति''** કે એ મરવાવાળો ન રહે અમર થઈ જાય. બોલો, તમે અમર આત્મા છો કે મરવાવાળા છો ? ...તો અમર છો. એમ સમજીને પછી અમર થવાની આશા નો રાખવી. ચેતન છો કે જડ છો ? ચેતન છો. તો ચેતનની આશા ન રાખવી. આનંદ રૂપ છો કે દુઃખ રૂપ છો ? પૂર્ણ છો કે

અધૂરા છો ? પૂર્ણ છો તો પછી કામના (ઈચ્છા) ન રહેવી જોઈએ. જો કામના રહે તો સમજવું 'હું અધૂરો છું' શું છો ? બોલો ? મારે સુખ લેવાનું છે મારે મુક્તિ લેવાની છે. મારે ભગવાન લેવાના છે એમ જયાં સુધી લેવાની ઈચ્છા હોય ત્યાં સુધી અધૂરા પણું છે.

**''ઈચ્છા પામ્યાની ત્યાં સુધી અંડમાં,**
**બ્રહ્મદર્શી છે ન્યારા અદ્વૈત,**
**હડીયું કાઢે પણ પ્રભુ તો જડે નહિ.**
**તપ કરે તો તરત જડે નહિ,**
**આગલા ભવનીતે રહે છે આશ, હડીયું...**
**સંધ્યા, સ્નાનને જપ, દેવ વંદના,**
**કરતા ગયા છે જન્મ અનેક, હડીયું...''**

(બાપુ સાહેબ)

કે જયાં સુધી પામવાનું છે ત્યાં સુધી આ કરું તો મળે, આ કરું તો મળે ને આ કરું તો મળે એમ જીવ કરવાની કામનાઓમાં બંધાયેલો રહે છે અને

**सकामभी जायते तत्र तत्र यर्थाप्त कामस्य ।**
**कृतात्मास्य कामा: ॥**

એ કૃતાત્મા થઈ જાય પુણ્યાત્મા થઈ જાય એની કામનાઓ બધી લીન થઈ જાય છે અને જેની કામના બાકી રહી જાય છે **'सकामभी जायते तत्र तत्र'** અને એ માનવો કામનાને લઈ જયાં જયાં કામના હોય ત્યાં તે જન્મે છે અને એવા કર્મ કરે છે ને વળી પાછા જન્મ છે ને વળી પાછા કર્મ કરે છે જયાં સુધી કામના મટે નહીં ત્યાં સુધી કર્મો કરે એ નડે છે અને કામના છૂટ્યા પછી કર્મ કરે એ નિષ્કામ-કામના છોડીને ભગવાન કૃષ્ણે કામ કર્યા ને રામેય કર્યા ને શંકરાચાર્યે કર્યા બધાએ કર્મો કર્યા પણ એને કોઈ કામના નથી. એટલે થાય તોય ભલે ને ન થાય તોય ભલે. શરીર રહે તોય ભલે ને ન રહે તોય ભલે. જીવો માને તોય ભલે ને ના માને તોય ભલે, કરે તોય ભલે ને ના કરે તોય ભલે, જવાય તોય ભલે ને ન જવાય તોય ભલે કેમ કે 'હું જાવ છું' એમ એને ભ્રાંતિ નથી. 'મારે જોતું છે' એ ભ્રાંતિ નથી. 'મારે કરવું' એવી કોઈ એને મનમાં ભ્રાંતિ હોતી નથી. એટલા માટે પોતાના માટે કોઈ કામના હોતી નથી. શરીર પ્રારબ્ધ અનુસાર જેવું પ્રારબ્ધ હોય છે એવું એનાથી થયા કરશે.

**प्रारब्धं क्रियमुच्यतां विधि प्राप्तेन संतुष्यताम् ।**

શરીરને તો પ્રારબ્ધ અનુસાર જે મળે એ મળવા દેવું અને સંતોષ રાખીને રહેવું.

**લબ્ધં વાઽથ ન લબ્ધં વા સ્વલ્પં વા બહુલં તથા;**
**નિષ્કામેનૈવ ભોક્તવ્યં સદા સંતુષ્ટમાનસમ્ ।**

(શ્રી ગુરુ ગીતા)

શ્રીગુરુ ગીતામાં ભગવાન શંકરજીએ પાર્વતીને કહ્યું, **'લબ્ધં'** એટલે મળ્યું હોય. **'અલબ્ધં'** એટલે ન મળ્યું હોય **'સ્વલ્યં'** એટલે થોડું મળ્યું હોય, **'બહુલં'** એટલે ઝાઝું મળ્યું હોય પણ જે મળ્યું હોય એમાં **'નિષ્કામેનૈવ ભોક્તવ્યં'** કોને અનુભવીએ ? બધાને માટે નથી કહેતા. કોને માટે કહે ? બોલો ? બધાની અંદર બ્રહ્મ આનંદ રૂપ છે પૂર્ણ સ્વરૂપ છે. હું મુક્ત છું એવું સમજી ગયા એવાને માટે છે. મૂઢ જીવો તો કયાંથી રહી શકવાના છે ? એટલા માટે જેણે ઉપનિષદોનો સ્વાધ્યાય કર્યો હોય દ્રઢ અનુભવ થયો હોય એને કામનાઓ છોડવી નિષ્કામ બનવું. જો કામના રાખતા હોય તો સમજવું કે હજી સમજયા વગર જીવન જીવે છે. તમે વ્યાપક છો તો તમારે જવા-આવવાની કામના નય. આનંદ સ્વરૂપ છો તો તમારે સુખની કામના નહીં. મુક્ત છો તો બંધનમાંથી છૂટવાની કામના નહીં. અમર છો તો અમર થવાની કામના નહિ જે જે સારી વસ્તુ છે એ તમારા આત્મ સ્વરૂપમાં છે અને જે કંઈ મોળું છે એ શરીરમાં છે શરીરથી જુદા થઈને રહેવું.

**દેહને તું કદી 'હું' કરી જાણમાં,**
**આત્મ-આનંદઘન ''ૐ હરિ ૐ''**
**જાગ્ય મન જાગ્ય આ વખત વહી જાય છે,**
**બોલ પ્રભાતમાં ''ૐ હરિ ૐ''**

(આનંદ ઘન)

તો-

**''महान्तं विभ्रमात्मानं मत्वा धीरो न शोचति ।''**

કે જેનું મનન કરીને દ્રઢ કર્યા પછી ધીર પુરુષો શોક કરતાં નથી. તો **'मत्वा'** અને **'धीरो'** બે વિશેષણો બતાવ્યા. મનન કરેલું હોય એટલે શ્રવણ એકલું નય. શું કર્યું ? બોલો ? શ્રવણ કર્યા પછી મનન એટલે દ્રઢ થવું જોઈએ.

**ક્રમશ...**

# ગુરૂપૂર્ણિમા મહોત્સવ-ચાણોદ (તા.૧૯/૭/૨૦૧૬)

રજુ. કિરણ મહેશભાઈ ભરોડિયા
(પાલડી)

**॥ જય સચ્ચિદાનંદ ॥**




**શાસ્ત્રીશ્રી સુરેશ્વરાનંદજી મહારાજ**

ભારતની વૈદિક સંસ્કૃતિની અંદર આજનો આ મહોત્સવ દેવતાઓને પણ દુર્લભ છે. જે કોઈ અષાઢી પૂર્ણિમાના દિવસે ગુરુનું પુજન કરે છે. તે મનુષ્યને સ્વર્ગ તો પોતાના ઘરનું આગંણું જ છે. શ્રી ગુરુગીતામાં શ્લોક લખેલો છે. વાંચજો...

**स्वर्गस्तस्य गृहाङ्गणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा**
**सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।**
**संसारः सुतरः शिवं करतल क्रोडे लुठत्यञ्जसा**
**यः श्रद्धाभरभाजनं निजगुरोः पूजां विधत्ते जनः ॥**

જે મનુષ્ય પોતાના શ્રી સદ્‌ગુરૂ પરમાત્માની અતીશય શ્રદ્ધાવાળી પૂજનાદિ સેવા ભક્તિ કરે છે, તે મનુષ્યને સ્વર્ગ તો પોતાના ઘરનું આંગણું જ છે. અર્થાત્ ગૃહના દ્વારની સમાન સમીપ જ છે અને ચક્રવર્તી રાજ્યની ઉત્તમ લક્ષ્મી તેના ઘરમાં અનેક સામરાજ્ય લઈને ઊભી રહે છે કેમ ? તો ગુરુની એટલી બધી મહત્તા છે. મોક્ષ મુલમ્ ગુરૂકૃપા તથા સૌભાગ્ય આદિ સદ્‌ગુણોની પંક્તિ પોતાની મેળે દેહરૂપ ગૃહમાં આવી નિવાસ કરે છે, વળી સંસારસમુદ્ર તરવો તો તેને સહેલ છે અને કલ્યાણ તો શીઘ્ર-વિના પરિશ્રમે હાથના મધ્યમાં લોટે છે અર્થાત તેને મુક્તિ પણ પ્રાપ્ત થાય છે.

આજનો દિવસ છે ગુરૂ પૂર્ણિમાનો અને વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે. કોઈને ખબર છે કે ગુરુ પૂર્ણિમા કોણે શરૂ કરી અને ક્યારે શરૂ કરી તો ભારતનાં વૈદિક સંસ્કૃતિની અંદર બધા તહેવારોની પાછળ કોઈને કોઈ ઉદ્દેશ છે. જન્માષ્ટમીમાં તો ભગવાન શ્રીકૃષ્ણનો, રામાનૌમિ તો ભગવાન શ્રી રામનો જન્મ દિવસ કહેવાય છે કે અનેક દેવી દેવતાઓના ઉત્સવ મનાવવામાં આવે છે. દીવાળી, ધનતેરશ, કાળી ચૌદશ, બારશ, હોળી, ધુળેટી અનેક તહેવારો છે. તેની પાછળ કોઈને કોઈ ઉદ્દેશ હોય છે. તો ગુરુ પૂર્ણિમા વ્યાસ પૂર્ણિમા કહેવાય છે. તેનો ઉદેશ શું છે બોલો કયાંથી કહેવાય છે, તો આપણે જોઈએ ઈતિહાસની અંદર ભગવાન મૈત્રિજી વિદુરજીને કહે છે કે આ સૃષ્ટિની ગણના થઈ. આપણે શ્લોક પહેલા બોલ્યા ને કે,

**ॐ नारायणं पद्मभवं वसिष्ठं शक्तिं च तत्पुत्रपराशरं च**
**व्यासं शुकं गोडपदं महान्तं गोविन्दयोगीन्द्रमथास्य शिष्यम् ।**
**श्रीशङ्कराचार्यमथास्य पद्मपादं च हस्तामलकं च शिष्यं**
**तं तोटकं वार्तिककारमन्यानस्मद्‌गुरून् सन्ततमानतोऽस्मि ॥**

તો આદિનારાયણ સિવાય પૃથ્વી ઉપર પહેલાં કાંઈ હતું નહી. શું હતું ? બોલો ભગવાન એકલા જ હતા. ભગવાન આદિનારાયણે મનમાં બેઠા બેઠા

સંકલ્પ કર્યો. **એકો હં બહુંશ્યામ** સંકલ્પ કરતાની સાથે જ ભગવાનની નાભી કમળમાંથી એક સુંદર કમળ પ્રગટ થયું. તેની ઉપર બ્રહ્માજી બેઠેલા હતા. કોણ હતા ? બોલો ? બ્રહ્મજી તો બ્રહ્માજીનું આયુષ્ય કેટલું છે. વિદુરજી ને ત્રીજા સ્કંધની અંદર ભાગવતમાં સમજાવે છે કે હે વિદુરજી આ બ્રહ્માજી પ્રગટ થયા તેનું આયુષ્ય કેટલું છે, તો ભગવાનના નાભી કમળમાંથી પ્રગટ થયેલા બ્રહ્માજી ચારે તરફ જોવા લાગ્યા. ચારે તરફ શું હતું ? બોલો ? પાણી પાણી ને પાણી પ્રલય હતો. પલય સમયે કાઈ હતું નહીં. મનની અંદર ભગવાન શ્રી વિષ્ણનું સ્મરણ કર્યુ તે ભગવાને અંતઃપુરમાં પ્રેરણા કરી કે હે બેટા હું તારો પિતા છું. તને સૃષ્ટિની ઉત્પતિ કરવા માટે તને મે પ્રગટ કર્યો છે. અને પછી જ્યારે ભગવાન વ્યાસજી પ્રગટ થયા. ભગવાન વ્યાસ પારાસર ઋષિ અને મસગંધાથી પ્રગટ થયા અને ભગવાન વ્યાસે અનેક વેદોનો વિસ્તાર કર્યો. ભગવાન વ્યાસજી અષાઢ સુદી પુર્ણિમાનો સુંદર દિવસ હતો તે દિવસે પ્રાગટ્ય થયું એટલે વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે.

**પ.પૂ.સ્વામી શ્રી ભુમાનંદ સાગરજી મહારાજ**

પરમ પૂજ્ય પરમ આદરણીય સર્વજ્ઞ જ્ઞાન પ્રકાશ દુઃખ વિનાશક બ્રહ્માનંદ પ્રદાયક નિત્ય નીરંતર પરમ હીતકારી ઉધારક શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન સદ્‌ગુરુ પરમાત્મા જે સમાધી સ્થળની અંદર સાક્ષાત્ પ્રગટ રૂપસે બિરાજમાન સર્વ ભક્તોની કામના પૂર્ણ કરવાવાળા છે. એવા સદ્‌ગુરુ એના પરમ પવિત્ર ચરણ કમળોની અંદર પ્રણામ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તથા સંતવૃંદ ઉપસ્થિત ધર્મ પરાયણ ભાઈઓ ભક્તિમતી માતાઓ અને બહેનો પરમ કૃપાળુ પરમાત્માએ આપણી ઉપર અનંત કૃપા કરીને ભારત દેશની અંદર ચોરાશી લાખ જન્મોની અંદર માનવ જન્મ આપણને પ્રદાન કર્યો શ્રેષ્ઠ માનવ જીવન પણ જે સર્વ શ્રેષ્ઠ દેવ જેને કહેવાય છે. સદ્‌ગુરુ પરમાત્મા કોને કહેવાય. એક કહેવત છે ને એક વિદ્ધવાનોની સભા થઈ તો તેમાં ચર્ચા કરીથીને એક વિદ્ધવાને કહ્યું કે બધા કરતા મોટું કોણ છે તો એક વિદ્ધવાન કહેવા લાગ્યા કે સબસે બડી પૃથ્વી. બીજા એ કહ્યું કે પૃથ્વી કહા સે બડી એ તો શેષનાગરપર ખડી, પૃથ્વી કરતા તો શેષ નાગ નારણ ભગવાન મોટા છે કે બધાનો ભાર ધારણ કરે છે. સભામાંથી બીજા વિદ્ધવાન બોલ્યા કે શેષનાગ કૈસે બડા એ તો શંકર કા કડા. શંકર ભગવાને આભુષણરૂપ છે. મતલબ ધારણ કરે છે. જેવી રીતે આપણે આભુષણ ધારણ કરો છો. તો આભુષણ મોટા કે આપણે ? આપણુ શરીર સાઠ થી સિતેર કિલોનું હોય અને પાંચ મણનું આભુષણ પહેરી એકાય, ચાલી શકાય. એટલે ધારણ કરવા વાળા શું હોય ? મોટા હોય અને આભુષણ નાના હોય. બહેનોએ જેટલા આભુષણ પહેર્યા તે એમના કરતા નાના જ હોય ને ? તો કહે છે કે શેષનાગ સે મોટા કોણ છે તો શિવજી. સભામાંથી બીજા વિદ્ધવાન બોલવા લાગ્યા કે શિવજી કૈસે બડા એ તો કૈલાસ પર્વત પર ખડા કે રહેવાનું સ્થળ હોય તે વ્યક્તિ કરતા મોટું હોય. આપણે રહેવાનું ઘર છે કેવડું હોય આપણે સાડા પાંચ ફુટના છીએ તો આપણે ઘર કેવડું રાખવું જોઈએ ત્રણ ફુટનું ? એથી મોટું રાખવું પડે આઠ દસ ફુટનું તો કહેવાનો મતલબ એ નિકળ્યો કે શંકર કરતા કૈલાસ પર્વત મોટો છે. તો સભામાંથી વિદ્ધવાન બીજા બોલવા લાગ્યા કે કૈલાસ કૈસે બડા એ તો રાવણના હાથ કા દડા. રાવણ ફરતો ફરતો ગયો થો કૈલાસ પર્વત પર તો તેની સુંદરતા જોઈને વિચાર કરવા લાગ્યો કે આ પર્વત તો લંકામાં શોભા દે. ઉપાડી લીધો એટલે કોણ મોટું ? રાવણ મોટો. તો એ સભામાંથી એક ભાઈ બોલવા લાગ્યા. રાવણ કૈસે બડા. રામે રણમાં રોળી નાખ્યો. રામ ભગવાને તેણે રણની અંદર શું કરી નાખ્યો ? એને મારી નાખ્યો. એને મારવાવાળા રામ મોટા. તો સભામાંથી એક વિદ્ધવાન બોલ્યા કે રામ કૈસે બડા એ તો ગુરૂદ્વાર પર ખડા. તો મોટામાં મોટું કોણ છે ? ગુરુ મોટા છે. તો આવા મારા સદ્‌ગુરુ પરમાત્મા છે. તો એ સદ્‌ગુરુ પરમાત્માનો આજે શું છે ? મહાપર્વ ઉત્સવ છે. તો એ સદ્‌ગુરુએ પરમાત્માની આપણને શું કરાવી ? પ્રાપ્તિ. સાનિધ્ય પ્રાપ્ત કરાવ્યું. જ્યારે ભગવાનની કૃપા થાય છે ત્યારે આપણને સારો સંગ સારા સદ્‌ગુરુ મળે છે. ભગવાન આપણી બુદ્ધિમાં આપણા વહેવારની અંદર પરિવર્તન કરાવે છે. જેથી આપણું કલ્યાણ થઈ જાય છે. તો સદ્‌ગુરુ પરમાત્માની સાનિધ્યમાં આવવાથી આપણા જીવનની અંદર જે મોહો છે. તે મોહોને દૂર કરી દે છે. જયાં સુધી આપણા જીવનની અંદર મોહ હોય છે. ત્યાં સુધી આપણે

સંસારમાં ભટકવી છીએ અને દુઃખી થઈએ છીએ એટલે ગીતામાં ભગવાને કીધું છે ને કે,

**નિર્માનમોહા જિતસઙ્ગદોષા**
**અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસઙ્ગૈ**
**ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ॥**

અવ્યવ પદને પ્રાપ્ત કરવું હોય મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો ભગવાન કહે છે પહેલા માન અને મોહો દૂર થવા જોઈએ અને માન અને મોહો કયારે દૂર થાય. સદ્‌ગુરૂ પરમાત્માના ચરણે આપણે જાઈએ તેઓશ્રીની આજ્ઞાનું પાલન કરીએ એટલે સદ્‌ગુરૂ પરમાત્માની આજ્ઞા પાળવાથી આપણા અંતઃકરણની શુદ્ધિ થાય છે. અંદર યોગ્યતા આવે છે. પાત્રતા આવે છે. અને યોગ્યને પાત્રતાથી આપણું જીવન યુક્ત બને છે. સંપન્ન બને છે. ત્યારે સદ્‌ગુરુ પરમાત્મા આપણને જ્ઞાન આપે છે અને એ જ્ઞાનથી આપણો મોહ દૂર થાય છે.

**પ.પૂ.સ્વામી શ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ**

આજ હું અને તમે બધા પાવનતીર્થ સ્થળ ઉપર પૂર્ણિમાનો મહાપર્વ ઉત્સવ ઉજવવા માટે એકત્રીત થયા છીએ. ગુરુ શબ્દને હું ને તમે બધા જાણીએ છીએ. 'ગુ' નો અર્થ થાય અંધકાર 'રુ' શબ્દનો અર્થ થાય પ્રકાશ. આનો અર્થ થાય છે. અંધકારમાંથી પ્રકાશ તરફ જવું અથવા આપણા જીવનમાં કયાંય પણ કોઈ પણ પ્રકારનું અજ્ઞાન હોય અને કોઈના માધ્યમથી એ અજ્ઞાન દૂર થાય એ ગુરુનો અર્થ થયો. એ એને ગુરુ કહવાય એ પછી નાનો હોય કે મોટો હોય ગમે તે વેશભુષામાં હોય આજ એ બધાને વંદન કરવાનો દિવસ છે. સંસારના કોઈ પણ કામ કરવામાં. અધ્યન્ય દ્રષ્ટિ આપણને જે સદ્‌ઉપદેશ આપે એ સદ્‌ગુરુને વંદન તો કરવાના જ પરંતુ જીવનમાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ ક્ષેત્રમાં જેણે જેણે આપણને કોઈ કોઈ પણ જગ્યાએ અજ્ઞાનથી આપણને દૂર કરી આપણને જ્ઞાન તરફ લીધા કાઈ ને કાઈ પણ શીખવાડયું હોય એ બધાયને તમામને મનથી વંદન કરવાનો આજ દિવસ આ ગુરુ પૂર્ણિમા. શરૂઆત સૌથી પ્રથમ આપણી માતા હોય છે. 'સો' ગુરૂની ગરજ સારવાવાળી એક માઁ માં ને પણ આજ વંદન કરવાના હોય છે. માત્ર સદ્‌ગુરૂને જ નહી. પ્રત્યેક વ્યક્તિને વંદન કરવાનો આજ દિવસ છે. ગુરૂ પૂર્ણિમા જેને લઈને આપણને કાંઈક જીવનમાં પ્રકાશ પ્રાપ્ત થયો અને જે પ્રકાશ અથવા એ અજ્ઞાન દૂર કર્યુ એ તમામ વ્યક્તિને વંદન કરીએ ત્યારે આપણે ગુરૂપૂર્ણિમાનો ઉત્ત્સવ ઉજવ્યો માની શકાય. શ્રદ્ધા હોય જેવી જેની ભાવના હોય તેવું તેને ફળ પ્રાપ્ત થતું હોય છે. વ્યક્તિની જેવી ભાવના હ્રદયની અંદર હોય એવો એને લાભ મળતો હોય છે. એવું શાસ્ત્રકારો કહે છે. કોઈ જગ્યા કે કોઈ અવસ્થાની બાંધ છોડ નથી. જયાં જે જગ્યા ઉપર જેના પ્રત્યે જેને જેવો ભાવ હોય એવો લાભ એને દેખાય. એવા એમાં એને દર્શન થાય. એક સામાન્ય વ્યક્તિ કોઈ પથ્થરને પથ્થર સમજે છે. તો એને પથ્થરના દર્શનથી કેવલ પથ્થરનો લાભ મળતો હોય છે. એક ભક્ત હોય. ભાવનાથી ભરપુર ભરેલો હોય અને મંદિરમાં જઈ સાક્ષાત્ સામે નારાયણ સ્વરૂપ ભગવાન છે એની સામે મસ્તક જુકાવીને દર્શન કરે. તો ભગવાનના દર્શન કર્યાનો લાભ એને પ્રાપ્ત થાય છે. આવું શાસ્ત્રકારો અને સંતો કહે છે. એમ આજે જે જે જગ્યા ઉપર જેણે જેણે આપણને જ્ઞાન આપ્યું છે અને આપણને કયાક આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે તમામ વ્યક્તિને આજ હ્રદયના પુરા ભાવથી વંદન કરીએ અને તેઓશ્રીએ આપેલું જ્ઞાન આપણા જીવનમાં આગળને આગળ કલ્યાણ કરવાવાળું બને અને આપણી સ્મૃતિમાં રહે અને એ જ્ઞાનથી બધાને લાભ થાય. આજ ગુરુ પૂર્ણિમાના દિવસ ઉપર આપણે દ્રઢ નિશ્ચય કરીએ અને ગુરુ પૂર્ણિમાંનો બધાને ખૂબ ને ખૂબ લાભ પ્રાપ્ત થાય તે માટે આપણે શું કરવું જોઈએ તેના પર વિચાર કરવાનો આજનો દિવસ છે. પવિત્ર દિવસનો પવિત્ર વિચાર થવો જોઈએ. એ આજે મારીને તમારી ફરજ બને છે. કયાંક ખામી છે. શું કરવું જોઈએ શા માટે કરવું જોઈએ આ બધા પ્રશ્નો તમેને હું વિચાર કરીને કયારેક આપણે મળશું ત્યારે ચર્ચા કરીશું મને કહેજો શું કામ કરવું જોઈએ તેની ઉપર ખાસ ધ્યાન રાખીને પ્રત્યેક વ્યક્તિને પ્રત્યેક સેવકને વિચાર કરવાની જરૂર છે. કરજો શું જરૂર છે. બધાય ઘણી બધી સભામાં ઘણા બધા કહે છે. મે સાંભળ્યું મને ગમ્યું કે અન્ય સભા હોય ત્યારે ઘણા બધા સંતો હોય અને બધા ભક્તો બહારથી આવતા હોય તો આવા પ્રશ્નો કરવા સારા નહીં. મને ગમ્યું આજે પણ હું તમને કહું છું કારણ કે આપણે દીલ ખોલીને વાત કરી શકીએ અને કરવી જોઈએ. અને જો દીલ ખોલીને વાત નહીં કરીએ

તો સમજશો કે એક દિવસ એવો થશે હું ને તમે ભલે નો બોલીએ પણ મનથી સ્વીકારી લઈએ છીએ. કયાંક જઈને આપણે ઊભા છીએ. કયાં ઊભા રહ્યા છીએ એ કયારેય આપણે વિચાર કર્યો જ નથી. કર્યો છે ? કે મારીને તમારી શું ફરજ છે. હું એમાં તમને વિશેષ જોર દઉં શું એક દ્રષ્ટાંતના માધ્યમથી ઘણી ખરી ઘણી વખત વસ્તુની કિંમત ન હોયને એટલે તેની બહુ દરખાજ ન કરે માણસ. કરે ? કાચનો ટુકડો હોય એને જવેરીને ખબર હોય કે આ હીરો છે. તેને સાચવે તેના જીવ કરવા જતનથી સાચવે કારણ કે તેને ખબર છે કે આ હીરાનો ટુકડો છે. પરંતુ જે જવેરી ન હોય એને એની ખબર ન હોય કે આ કાચ છે કે હીરો છે. એને ઠોક્કર મારી અને કયાય નાખી દે. કારણ એને ખબર હોય કે આ પગમાં વાગશે એટલે એને ઠોક્કર મારીને ફગાવી દે છે. એને ખબર નથી કે આ કીંમતી છે. તેના ઉપર એક દ્રષ્ટાંત આપું. કાશીની અંદર અમે ભણતા હતા અને ત્યાં એક પરંપરા ચાલે. કોઈ સારા માણસ સારા ભક્ત આવ્યા હોય અથવા કોઈ સારા સંત આવ્યા હોય ત્યારે તમામ વિદ્ધવાનોને બોલાવે. શું બોલાવે ? તમામ વિદ્ધવાનોને બોલાવે. એવો એક દિવસ રાખે. અમે જયાં દક્ષિણામૂર્તિમાં હું ને ગુરુજી ને આપણા બધા સંતો ભણતા ત્યાં એક કીચનદાસ મહેતા દિલ્હીના શેઠ હતા. અત્યારે નથી રહ્યા. તે કાશીમાં વરસમાં એક વખત આવે અને જ્યારે આવે ત્યારે એ તમામ સંતોને બોલાવે. જેટલા કાશીમાં લાલ વસ્ત્રો પહેર્યા હોય એ તમામ સંતોને બોલાવી અને બધાના દર્શન કરી બધાને સુંદર ભોજન કરાવી દક્ષિણા આપી અને બધાને વંદન કરે. એક દિવસ એવો રાખે કાશીના તમામ વિદ્ધવાન બ્રાહ્મણોને બોલાવે. અન્ય જુદી જુદી પરંપરાને અધ્યન કરાવતા હોય તે તમામ બ્રાહ્મણોને બોલાવે. અને ત્યાં બધાને એકત્રીત કરે જયારે વિદ્ધવાન બ્રાહ્મણો ભેગા થાય ત્યારે ભેગા થઈને શું કરે અને લોભી માણસો ભેગા થાય ત્યારે શું કરે તમે વિચાર કરી લેજો. જે સમજુને સારા માણસો પાંચ જણા ભેગા થાય ને ત્યારે શું સર્ચા કરતા હોય. કયાંક તમે જોજો અને કાશીના વિદ્ધવાનો, બ્રાહ્મણો ભેગા થાય ત્યારે આઘી પાછીની ચર્ચા નો કરે. ત્યાં કોઈ વિષય આપવામાં આવે અને વિષય આપી એની ઉપર એ ચર્ચા કરે એ મેં સ્વયંમ જોયું છે. અને જે વિષય આપવામાં આવતો તેની ઉપર એ તમામ વિદ્ધવાનો ચર્ચા કરે. લાભની પ્રાપ્તિ થાય સાથે સાથે સત્સંગનો વિશેષ લાભ લઈ શકે. મહારાજ શ્રી અહી ચાણોદમાં બે મહિના રહે અને વિશેષ પોગ્રામ બને અને વધારેથી ને વધારે સંતોને બોલાવી અને એવા કુંભના મેળાનું આયોજન કરે જો આપણી પરંપરાનું ને આપણું બધાનું નામ થાય, આપણા બાળકો સત્ માર્ગે વળી શકે. મે સાંભળ્યું હતું કે ઘરડા માણસો જાય ત્યાં નવરા બેસે. ઘરડા માણસો નહી ? પણ યુવાન માણસો જાય. અને સાત દિવસ કે પાંચ દિવસ આવો પોગ્રામ બને. બાળકો અહીં આવી અને વધારે ને વધારે લાભ લે. અને આપણે આગળ આવી બાળકોને સમજાવીએ અને જયારે સમજશે ત્યારે સમજજો કે આપણને ઉજ્જવળ પગથીયું દેખાય. ઉજવવાથી દેખાય નહીતર ભલે હું ને તમે સમજીએ ભલે મોઢે ન બોલીએ. પણ ખબર છે, શું થશે શું થાય છે એ જાણીએ છીએ અને શું કરવું જોઈએ તેના માટે વિચાર કરવાનો સમય પાકી ગયો છે અને પકવવો જોશે એને માટે શું કરવું જોઈએ. એ મારે ને તમારે બંનેએ વિચાર કરવો અને તેને માટે પ્રયત્ન કરવો એ જરૂરી દેખાય છે. અને નહીં કરીએ તો શું થાશે એ પણ જાણીએ છીએ ? એટલે વધારે ને વધારે લાભ કેમ નથી લેતા એનું કારણ મે દ્રષ્ટાંત આપ્યું કે આપણે તેની કિંમત નથી કરતા એટલા માટે જાણ્યા વગર એ લાભ થી વંચીત રહીએ છીએ. જયારે એની મહીમાં જાણીશું એની મહીમાની ખબર પડશે ત્યારે આપણે એનો લાભ દોડીને લઈશું તો વધારે ને વધારે લાભ લે અને ધર્મ મુળ સ્વરૂપ છે. તે બધાને જોડે છે. ધર્મનો સાચો અર્થ જોડે છે. તોડે નહીં. જયાં તુટે ત્યાં ધર્મમાં કયાક ઉણપ રહી જાય છે. એ જરૂર સમજજો હું આજે ચોખ્ખા શબ્દમાં કહું છું જયારે જોડાય ત્યારે ધર્મમાં કયાંક વિશેષતા વધતી જાય છે. તો વધારે ને વધારે સમુહ જોડાય એવો પ્રયત્ન કરવો જોઈએ.

**પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

પરબ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી આજે આપણે એકત્રિત થયા છીએ. ગુરુપૂર્ણિમાને નિમિત્તે જે આપણે ગુરુપુર્ણિમાને નિમિત્તે ગુરુ પુંજન કર્યુ. ઘણાએ ક્રિયાત્મક કર્યુ, ઘણાએ દ્રષ્ટાત્મક કર્યુ. પણ ગુરુપુર્ણિમાનું પુંજન અનાદી કાળથી જે ભારતીય સંસ્કૃતિ છે. કે ગુરુનું પુંજન શા માટે કરવામાં આવે છે ? કે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાને માટે. જેમ

આપણે વૈદીક પ્રાર્થના છે. બૃહદાણીક ઉપનિષદની અંદર અને શ્વેતાશ્વેત ઉપનિષદમાં **અસતોમાં સત્‌ગમય** અસતમાંથી સત્‌ની અંદર લઈ જાવ. **તમસોમાં જયોતીર્ગમય** તમસ એટલે અંધકારમાંથી જ્યોતિ એટલે પ્રકાશ તરફ લઈ જાવ અને **મૃત્યોર્માં અમૃત ગમય** મૃત્યુમાંથી અમરતા તરફ લઈ જાવ આ વૈદિક પ્રાર્થના છે અને એનું જ આપણે ગુજરાતીની અંદર પ્રાર્થના બોલીએ છીએ અને સ્કુલની અંદર, મંદીરોમાં બધી જ જગ્યાએ બોલાય છે. **અસત્યોમાંથી પરમ સત્યે તું લઈજા. ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા, મહામૃત્યુમાંથી પ્રભુ અમરીત સમે તું લઈ જા.** આપણે ગુજરાતીમાં બોલીએ છીએ એમાં જે ત્રણ પ્રાર્થના બોલીએ છીએ. **અસત્યોમાંથી પરમ સત્યે તું લઈ જા.** એનો અર્થ શું થાય ? એ તો સરળ ભાષામાં સમજીએ ગુજરાતીમાં છે. સંસ્કૃતમાં નથી, અસત્યોમાંહેથી પરમસત્યે તુંલઈજા. આપણે ભગવાનને પ્રાર્થના બોલીએ છીએ. શું પ્રાર્થના બોલીએ છીએ ? હે ભગવાન અમને અસતમાંથી પરમ સત્‌ની અંદર લઈ જાવ. **ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા** હવે ઉંડા અંધારામાંથી હે પરમાત્મા પરમ તે જ એટલે પરમ પ્રકાશમાં લઈજા અને મૃત્યુમાંથી. **મહામૃત્યુમાંથી અમરતા તરફ લઈ જાવ** એ પ્રાર્થના કયારે બોલવી પડે છે. બોલવી પડે છે ને ? કયારે બોલવી પડે ? જેમ કોઈ ભીખારી તમારે દરવાજે માંગવા આવે છે. પાંચકો દસકો માંગવા માટે અને લાંબો હાથ કરે કે મને પાંચકો દસકો આપો. અત્યારે પાંચકા દસકાની કોઈ કિંમત નથી. અત્યારે રૂપિયો બે પાંચ રૂપિયા આપો એમ કહે. કારણ કે હવે બધા સુધરી ગયા છે. અથવા તો કોઈ પેટનો ખાડો પુરો કરવા માટે હાથ લાંબો કરે. ભોજન આપો ટુકડો આપો એ કયારે માંગે ? એના ખીસામાં પૈસાથી પાકીટ ભર્યુ હોય તો ? ખીસુ ભર્યુ હોય તો તમારી પાસે પાંચકો દસકો, પાંચ રૂપિયા માંગે ? અને પેટ ભોજનથી ભરાઈ ગયું હોય તો ટુંકડો માંગે ? તો કયારે માંગે ? નો હોય તો. હવે આપણે ભગવાનને પ્રાર્થના બોલીએ છીએ ? કયારે બોલીએ છીએ ? કયાં સઈ. આપણે પરમ સત્‌માં જવું છે. તો આપણે સતમાં છીએ, અસતમાં છીએ કે પરમ સતમાં છીએ ? પછી અંધારામાં છીએ કે અંજવાળામાં છીએ ? પછી મૃત્યુમાં છીએ કે અમરતામાં છીએ ? અમર કયાં છે ? પ્રાર્થના બોલવી પડે છે ને ? તો કયારે બોલવી પડે છે ? તો કયાં છીએ ? આપણે ? અંજવાળામાં કે અંધારામાં. અંધારામાં તો આટલું બધુ અંજવાળું છે તોય અંધારામાં કહો છો ? આટલું અંજવાળું છે પણ કયું અંધારૂ ? એમાં પણ ઉંડા અંધારે. તો કેટલું ઉંડુ થતુ હશે. એક વીઘો થતું હશે. કે એક બે ફુટ ઉંડુ થતું હશે. ઉંડુ કેટલું થતું હશે ? ઉંડા અંધારેથી આમ એક મીટર થતું હશે ? કેટલું થતું હશે બોલો ? ઉંડું એટલે ૨૫ ફુટ બોલો ? કેટલું ? ઉંડુ અંધારૂ એટલે અનાદી કાળનું અજ્ઞાનરૂપી ઉંડુ અંધારું છે અને અંધારામાં આપણે છીએ, એટલે આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે હે ભગવાન અમને અંધારામાંથી પરમ પ્રકાશ તરફ લઈ જાવ અને મનુષ્ય જન્મમાં જ એ અંજવાળુ પ્રાપ્ત થઈ શકે છે. ચોરાશી લાભ યોની એ અંધકાર યોની છે. યાદ રાખજો. એને કે પશુ પક્ષીની યોનીમાં એ ગુરુ પૂર્ણિમા ન આવે ને ગુરુજી પાસેય નો જવાય એને જ્ઞાન સંભાળવો તો જ્ઞાન ઉતરેય નહી. બોલો ભેશને ભાગવત સંભળાવો તો જ્ઞાન થાય ? નો થાય. અને આપણને ? નો થાય. નો થાય ને ? થાય, કેટલા વર્ષ થયા હશે. બોલો ? કોઈના સાઠ વર્ષ, કોઈના સીત્તેર વર્ષ. હમણા કીધુને કે કોઈ જુવાન નથી. તો બધા ઘરડા જ હશે ને સાઠ વર્ષ થયા. સીત્તેર વર્ષ થયા તો જ્ઞાન થાય કયારે ? કયારે થાય બોલો ? શાસ્ત્રોની અંદર કથા છે. પ્રહલાદજીએ પાંચ વર્ષની ઉંમરમાં પરમાત્માને મેળવી લીધા. ધ્રુવજીએ પાંચ વર્ષની ઉંમરે ઘર છોડી દીધુ અને છ મહીનામાં પરમાત્માને મેળવી લીધા. અને પછી પરમાત્માના આશિર્વાદથી ભગવાન કહે તું છત્રીસ હજાર વર્ષ સુધી રાજ કરજે અને છેવટે તું મારા પદને પ્રાપ્ત થઈશ એ પદ એવું છે કે તેની ચારેય તરફ સપ્ત ઋષિઓ પ્રદીક્ષણા કરે છે. આજ પણ એ સપ્તઋષિઓ પ્રદીક્ષણા કરે છે, એવું એ ધ્રુવ પદ છે. ધ્રુવપદ એ પરમાત્માએ ધ્રુવજીને પ્રદાન કર્યુ. જે તમે આકાશમાં જોવો છો ને ? શું જોવો છો ? તારો. એ જે તારો કહો છો ને તેનું નામ ધ્રુવ તારો. તો ધ્રુવજીએ સાડા પાંચ વર્ષમાં પરમાત્માને મેળવી લીધા. અને આપણે નક્કી કરો. આપણે કેટલા વર્ષે ભજન કરવાનું નક્કી કર્યુ છે. અત્યારે નહીં હો અત્યારે તો બધા બેઠા છો અને હજી પણ આપણને છોડવાની ઈચ્છા થતી નથી આપણે નીર મોહી રાજાની કથા સાંભળી પણ આપણને મોહ છુટે

છે અને મોહ કોને કહેવાય. કે જેથી આપણો મોહ છુટી શકે. અને જયારે મોહ છોડવાનો કહીએ ત્યારે કહે મહારાજ અમે તો સંસારી છીએ. અમારે તો મોહ હોવો જોઈએ. મોહ કરવો જોઈએ, તો મોહ કરવો જોઈએ તો કલ્યાણ કયારે થશે અને એ વખતે પાછા આપણે સંસારી બની જાઈએ છીએ. મોહ છોડવાનું કહીએ, ક્રોધ છોડવાનું કહીએ અને કયાં શાસ્ત્રો કયાં સંતોએ કયાં ગુરુએ કહ્યું કે તમે સંસારી છો. કોઈ પણ એક શાસ્ત્ર લઈ લ્યો. કે તમને સંસારી કીધા હોય. તમને સંસારી કીધા કોણે ? કોઈ શાસ્ત્રો કહે છે ? કોઈ સંતોએ કીધુ ? કે આપણે પોતાની મેળે માની લીધા કે અમે સંસારી છીએ. જયાં સુધી એ જ્ઞાન નથી. જેને લઈને શ્રીમદ્ ભગવત ગીતાની અંદર સ્વયંમ ભગવાને અર્જુનને કીધું **અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ** હે અર્જુન અજ્ઞાનતાને લઈને જ્ઞાન ઢંકાઈ ગયું છે. અને એને લઈને સંસારમાં જીવ મોહમાં પડે છે. **અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥** (ગીતા અ.૯-૩૩) અને મોહ કોને કહેવાય અસત્‌માં પ્રેમ કરવો તેને જ મોહ કહેવાય છે. સત્‌માં પ્રેમ કરવો તેનું નામ છે ભક્તિ. હવે આપણે સત્‌માં મોહ કરીએ છીએ કે અસત્‌માં કરીએ છીએ શેમાં મોહ કરતા હશું ? આપણે બધા સત્‌માં કે અસત્‌માં ? તો અસત્‌માંથી મનને પાછુ વાળવું અને સત્‌માં પ્રેમ કરવો તેનું નામ જ એ ભક્તિ. કેમ કે આખો સંસાર આખુ જગત અસત્ છે. અનિત્ય છે. શ્રીમદ્ ભગવત ગીતાના નવમાં અધ્યાયમાં ભગવાન અર્જુનને કહે છે કે અર્જુન આ લોક અનિત્ય છે. **અતએવ અસુખં** કે આમા સુખ નથી. કેમ સુખ નથી ? કે આલોક અનિત્ય હોવાથી **અનિત્યમ અસુખંલોકે** કે આલોક અનિત્ય હોવાથી એમા સુખ નથી. તો સુખ નો હોય તો શું હોય ? દુઃખ અને દુઃખમાં રહીને આપણે સુખી થવું છે, તો થઈ શકાય. હા સુખ મળશે ખરૂ પણ કેવું મળશે, સંસારના પદાર્થનું સુખ. અનિત્યમાંથી સુખ મળે કેવું મળે સાચું મળે બંગલાનું, વાડીયોનું, ગાડીયોનું મળે તો સાચું સુખ મળે ? ના, તો અસત્ પદાર્થના સુખથી સુખ મળે તો મળે કેવું ? અસત્ મળે અને અસત્ સુખ મળવાથી અસત્ મળે અને અસતથી આજ સુધી કોઈ સુખી થયા નથી અને થઈ શકે નહીં. તો આપણે પ્રેમ શેમાં કરીએ છીએ. સતમાં કે અસત્‌માં. ખાઈએ છીએ મેથી અને મોઢું ગળ્યું કરવું છે. શું કરવું છે ? વાવવા છે બાવળીયાની બી અને જેઠ મહીને કેરી ખાવી છે. એટલે આવે કેરી. આવેને ? તો આવે તો શું આવે ? જો હજી ફળ દેખાય છે. કાંટા તો દેખાતા જ નથી. ફળ તો છ મહીના પછી પૈડા આવે અને કાંટા તો વાવો અને ઉગે ત્યારથી જ આવે.

**બોવે જૈસા બીજ તરૂ ઐસા લહેરાયગા,**
**જૈસા કરોગે વૈસાહી ફલ આગે આયેગા.**

બોવે જૈસા બીજ **''બોવે પેડ બબુલ કા આમ કહાસે હોય''** વાવવા છે બાવળીયાના બી અને એ કેરી કયાંથી આવે. આપણે બાળકોની પાસેથી વૃદ્ધાવસ્થામાં સુખની ઈચ્છા કરીએ છીએ અમારા દિકરાઓ અમારી વૃદ્ધાવસ્થામાં અમારી સેવા કરે. પણ સેવા કયારે કરે એ સંસ્કાર હશે તો સેવા કરશે, સંસ્કાર નહીં હોય તો ? જીવન બધાને મળ્યું છે કેમ જીવવું એ પણ આપણને ખબર નથી ગમે તે જગ્યાએ હોય પણ જીવન કેમ જીવવું એ વસિષ્ઠ મુનિએ ભગવાન રામચંદ્રજીને એ યોગવાસિષ્ટ મહારામાયણમાં એ વખતે બતાવ્યું છે. અત્યારે નથી બતાવ્યું.

**પ્રત્યહંમ પ્રત્યવેક્ષતે દેહંનશ્વરનાત્મ ।**
**સંત જે પશુ ભી તુલ્યં સંશ્રયે સત્ પુરૂષો શ્રૃતં ॥**

હે રામ પ્રતિદીન પ્રાતઃકાળની અંદર ઉઠી અને વિચાર કરો કે શરીર મરવાવાળું છે અને આત્મા અમર છે. તો શરીરને માટે **સંત જે પશુભી તુલ્યં** એ પશુ જેવું આચરણ ન કરો. તો શરીરને માટે પશુ જેવું આચરણ ન કરવું. તો કરવું કેવું ? **સંત શ્રેયે સતપુરૂષો શ્રૃતં** જેવું એ મહાપુરોષો કરે તેવું કરવું. જે પશુ જેવું છોડવાનું કહ્યું તો પશું કયું કરતા હશે ? કરતા હશે ને ? કેવું ? સવારમાં ગાય હોય, ભેંશ હોય, બળદ હોય, ઉઠીને કરે શું ? માળા કરે ? શું કરે ? ખાવાનું અને આપણે કેવું કરીએ ઉઠીને ? લાવજો ચા-ચા વગર મને આંખ ન ઉઘડે કેમ - **ચા દેવી નમસ્તુભ્યં કયાસ્મક મહેશ્વરી** હે ચા દેવી તું તો અમારી માતા છો. તો પહેલા શું કરવું ભલે ચા પીજો ના નથી પાડતો. બીડીય પીજો મને વાંધો નથી કેમ કે જે વ્યસન કરે તેને નુકશાન છે. આજે નક્કી કરો પ્રતિદીન કેટલાના જડબા કપાવવા પડે છે. કેટલાને કેન્સર થાય છે. એ શેને લીધે. જીવનની અંદર સુધારો થાય તો અહીં થાય બીજે થાય કયાં. જીવન મળ્યું છે તો સારૂ ખાઈને સારૂ જીવી લ્યો. પણ પહેલા તો આપણને એ જ ખબર નથી કે સારૂ ખવાય કે મોળું ખવાય. બોલો ? ઉકરડો સારો લાગે કે બગીચો ?

બગીચો. હવે ઉકરડામાં બેસાય કે બગીચામાં ? બગીચામાં. હવે બગીચો છોડીને ઉકરડામાં બેઠા હોય તેને તમે શું કહો ? સારો બગીચો છે. તો બગીચો છોડીને ઉકરડામાં કીચડમાં બેઠા હોય તેને તમે શું કહો ? ભુંડ કહો ? એમ સારૂં છોડીને મોળુ ખાય તેને તમે શું કહો ? એમાં દુધ. અને ચા એમાં સારૂ શું ? દુધ. હવે દુધ છોડીને ચા પીવે તેને તમે શું કહો ? ભુંડ, તો હું નથી કહેતો. હું તમને સારા મોળાનો વિચાર બતાવું છું. હજી સારા મોળાનો વિચાર જ નથી. એક ભેંશના દૂધનો માવો આવે અને એક તમાકુનો માવો આવે આજે બુધ્ધિશાળી કયો ખાય છે ?

**સારા ચારનો વિચાર કરીને**
**ખોટાથી મનને વાળો,**
**ખોટા સર્વે ખેલ ખલકના તેમાં શું કરો ચાળો,**
**ખોટામાં ખોવાઈ જાશો તો**
**દુઃખના દરિયા ઉભરાશે,**
**જન્મ મરણના ફેરામાં પડીને**
**જીવ ઘણો ઘણો ગભરાશે.**

કેમ કે આપણને સારા મોળાનો વિચાર જ નથી. વસિષ્ઠમુનિ ભગવાન રામચંદ્રજીને કહે છે કે પહેલા તો એ સારા મોળાનો વિચાર કરો, કે હું પશુ જેવું જીવનમાં આચરણ કરૂં છું કે મહાપુરુષો જેવું આચરણ કરું છું. કેમ કે જીવન મળ્યું છે. તો કેમ જીવવું એ આપણને ખબર નથી.

**જીવન મળ્યું તો જીવતા શીખવું રે (૨)**
**કરવો સાર અચારનો વિચાર (૨)**
**જીવન મળ્યું તો જીવતા શીખવું રે...**

જે માનવ જન્મ જીવનમાં શાસ્ત્રકારો કહે છે. **દુર્લભો માનુષ્યો દેહો દેહીનાં શણભંગુર.** હજી સત કોને કહેવાય, ચેતન કોને કહેવાય, પોતાનું શું કહેવાય, પુર્ણ કોને કહેવાય એ તો હજી ઘણી દૂર વાત રહી. હજી સારા મોળાનો વિચાર નથી. એટલે જ આ ગુરુ પરંપરાની અંદર શ્રી માધવાનંદ સ્વામી વખતથી જ વ્હેમ અને વ્યસનોને છોડવાનું કહે છે. પહેલાએ જીવનની અંદર પોતાની બુધ્ધિની અંદર પોતાના મનની અંદરજ વ્હેમ છે તે વ્હેમ કાઢી નાખો અને જે જીવનની અંદર નુકશાન કરતા છે તે વ્યસન કાઢી નાખો. જયાં સુધી વ્હેમ અને વ્યસન નીકળે નહીં. ત્યાં સુધી લાભ કયાંથી થઈ શકે. આ બધુ જ સંતોનો સમાગમ કરવાથી પ્રાપ્ત થાય બોલો શું થાય ? સત્સંગથી શું લાભ થાય. સતપુરુષોના સમાગમથી શું થાય ? વિવેક કયાં થાય. મોટા હોલ બીક બજારમાં મળે ? વિવેક થાય કયાં ? મળે કયા ? જે રામાયણની અંદર તુલસી દાસજીએ કહ્યું છે,

**બીન સત્સંગ વિવેક ન હોય,**
**બીન વિવેક મોહ ન જાય,**
**મોહ ગયે બીન રામ પદ,**
**હોય ન દ્રઢ અનુ રાગા.**

જયાં સુધી સત્સંગ કરવામાં ન આવે ત્યાં સુધી વિવેક ન થાય અને વિવેક વગત અસત્ પદાર્થનો મોહ દૂર ન થાય. જે આપણે કહીએ છીએ ને મોહ. મોહ ન કરવો, મોહ ન કરવો તો આપણને કોઈને મોહ છે નહીં. આપણને કયાં મોહ છે. દીકરાને ઘરે દીકરા થયા તોય મોહ છુટતો જ નથી. મારા પણાનો મોહ દૂર થતો નથી. કે 'ના' હવે મારે કયાંક તીર્થધામની અંદર જઈ, કોઈ પવિત્ર જગ્યાએ રહીને ધીરે ધીરે આ સંસારના એ પદાર્થનો પુત્ર, પત્નિ, ધન વૈભવનો મોહ છોડવો છે. એટલે ભાગવતમાં આવે છે કે જો પહેલા એ મોહ છોડવો હોય તો કોઈ તીર્થ ધામની અંદર જઈ અને પહેલા તીર્થનું સેવન કરવામાં આવે બાર મહીનામાં અઠવાડીયું રહો. પંદર દિવસ રહો. ધીરે ધીરે અભ્યાસ કરવામાં આવે તો ધીરે ધીરે મોહ છુટે અને જો એ મોહ છુટે ? તો મરતી વખતે તો એકદમ કોઈને મોહ છુટવાનો છે નહીં. કે છુટશે બોલો ? તો મરતી વખતે કયાં ખબર રહેવાની છે ? તો નથી ખબર એટલે જ કહેવામાં આવે છે. શાસ્ત્રકારો માનવને સાવધાન કરે છે, પણ એ વખતે જો અચાનક શરીર છુટવાનો સમય આવે અને હાડહટક આવેને જો મોહ રહી ગયો તો વળી પાછુ જન્મવું પડે. કેવલ દયાને ખાતર ભરતજીએ એ મૃગના બચ્ચાની અંદર એ મોહ આસક્તિ કરી તો એને ભરતજીને મરતી વખતે એમાં આસક્તિ રહેવાથી વાસના રહી ગઈ અને બીજે જન્મએ મૃગ થવું પડયું અને એ પણ શરીર ખાધા પીધા વગરનું છોડી દીધું. અને વળી પાછાએ ત્રીજા જન્મે બ્રાહ્મણ કુળની અંદર બ્રાહ્મણપુત્ર રૂપે જન્મ્યા મનુષ્ય જન્મમાં જન્મ્યા અને હવે એણે ધીરે ધીરે મોહ કરવાનો બંધ કરી દીધો. મોહ બાંધ્યો જ નહીં. તો કહે છે કે એક મોહ કે **એક મૃગકે કારણે ભરત ધરે ત્રણ દેહ, તુલસી જીવકી કયાં ગતી જેણે ઘર ઘર કર્યા સ્નેહ.** આપણને તો એ ઘર કયાંથી છુટે કે છુટે આશ્રમમાં તો આવી વ્યવસ્થા નથી.

તો કેમ રહીએ. હજી એ ઘરનું છુટતુ નથી તો આશ્રમમાં કયાંથી રહેવાય કે રહેવાય અને મોહ છુટ્યા વગર તો જીવનું કલ્યાણ થયું નથી અને થઈ શકવાનું નથી. આપણે પરમાત્મામાં પ્રેમ કરવો છે પણ પરમાત્મામાં પ્રેમ થતો નથી. એનું કારણ ? જયાં સુધી મોહ દૂર ન થાય ત્યાં સુધી પરમાત્મામાં પ્રેમ ન થઈ શકે. બોલો નક્કી કરો કે સંસારના પદાર્થ સારા કે પરમાત્મા સારા નક્કી કરો શું સારૂ. સાચું કહેજો હો ? આમ તો અંદર છે એતો મને ખબર જ છે. આતો બહાર બોલવાના એમ જ છો કે ના પરમાત્મા સારા. સારાને ? તો કેટલા કલાક દરરોજ ભજન કરીએ છીએ. આમાંથી તો બધા જ સાઠ વરસની ઉપરના જ છે. ચોવિસ કલાકમાં કેટલા કલાક પરમાત્માને આપીએ છીએ. કેટલા કલાક. ઘરડા થશું ત્યારે કરશું ને કહે છે, ઘરડા પશું ત્યારે. હજી ઘરડા તો થયા જ નથી. ના હજી કયા થયા છે ? માથાના વાળ ધોળા થાવા દે ત્યારે ને ? હજી તો ડાય મારીને કાળા કર્યા કરે તો કયાંથી ધોળા થાય. તો એને માટે શાસ્ત્રકારો કહે છે, જે ગુરુપૂર્ણિમાના નિમિત્તે આપણે એકત્રિત થયા છીએ તો એ ગુરુ પુર્ણિમાના નિમીતે એ ગુરુ દ્વારાએ જ્ઞાન થાય અને સાચું સમજાય તો કહે છે કે અસત્‌માંથી મોહ ઓછો થાય અને પરમાત્મામાં જે સત્ય છે એમાં એ પ્રેમ થઈ શકે.

**પ્રભુની પ્રિતડી છે સાચી સંસારની પ્રીતડી કાચી,**
**પ્રભુના ચરણાગત થાવા તમે આવો સત્સંગદ્વારે,**
**ગીતાનું જ્ઞાન લેવા તમે આવો સત્સંગદ્વારે,**
**જીવનનો સાર સમજવા તમે આવો સત્સંગદ્વારે,**
**અર્જુનનો મોહ મટાડયો એને ધર્મને માર્ગે વાળ્યો,**
**એ ધર્મનો મર્મ સમજવા તમે આવો સત્સંગદ્વારે.**

અને બાળકોને માટે તો શાસ્ત્રકારો, નિતિકારો ત્યાં સુધી કહે છે કે એ બાળકોને નાનપણથી જ સંસ્કાર આપવા જઈએ. **અત્રવે ભાદને લગ્ને સંસ્કારોના અન્યથા ભવેત યતા** નાનપણથી જો બાળકને સંસ્કારો આપવામાં આવે નાનપણથી એટલે નિતીકારો કહે છે. **પંચ વર્ષાની લાલીએ દશ વર્ષાની તાડીએ પ્રપ્તે તું સોળ સે વર્ષે પુત્ર મિત્ર વત્‌** પાંચ વરસનો બાળક થાય ત્યાં સુધી તેનું લાલન પાલન કરી શકાય અને પાંચ વરસથી પછી છઠ્ઠા વરસમાં પ્રવેશ કરે પછી દસ વરસમાં સામ, દામ, ભેદ ને દંડ એ ચાર પ્રકારના એ દંડ આપી સમજાવી ભય દેખાડી મારીને એને સંસ્કાર આપી શકાય. એટલે પાંચ વરસ પૂરા થયા અને પછી દસ વરસ સુધી એટલે પંદર વર્ષનો થાય ત્યાં સુધી એને મારીને પણ સારા રસ્તે વાળી શકાય. પણ સોળમાં વર્ષની અંદર પ્રવેશ કરે તો એનું લાલન પાલન પણ તમે નો કરી શકો અને તમે એને મારી પણ ન શકો અને તમે જેમ તમારા મિત્રની સાથે વહેવાર કરો **મિત્રવત્ત પુત્રં આચરીત** મિત્રની સાથે જેમ વ્હેવાર કરો એમ પુત્રની સાથે વહેવાર કરવો પડે અને પંદર વરસ સુધી તો કાંઈ શીખવાડયું નહીં. પછી છતા પણ કહે છે કે તમે મહાત્માની પાસે મોકલો તો શીખે. કે નો શીખે અને એટલા બેઠા છે તેમાં કોણ વડીલોએ પોતાના પુત્રોને કહ્યું કે, ચાલો ગુરુપુર્ણિમાના દિવસે કોણ લાવ્યું છે. કયારે કહેશો કે ચાલો સત્સંગમાં કે કેમ કે આપણને જ ઈચ્છા ન હોય જવાની સત્સંગમાં ? આતો ગુરૂપૂર્ણિમામાં આવ્યા છીએ. પણ સત્સંગમાં જવાની આપણને ઈચ્છા ન થાય. મહારાજ ગામમાં આવ્યા છે. તો ભલે આવ્યા એટલે આપણને ઈચ્છા ન હોય સત્સંગમાં જવાની તો પુત્રને કયાંથી કહી શકવાના છીએ. પણ તમાકુ ખાવાવાળા પોતાનો છોકરો તમાકુ ખાતા શીખે અને છોકરો શરૂઆત કરે તો પિતા ના પાડતા હશે. બોલો ? નહી કેમ ? તો આપણને સત્સંગમાં જાવાની ઈચ્છા ન હોય તો આપણે છોકરાને કહી શકીએ, નરસિંહ મહેતાએ કહ્યું કે,

**રજળતી રાંડનો રજળતો છોકરો**
**એને કોણ શિક્ષા દઈ ઠોર આણે.**

માતા જ બિચારી આ ઘર ને પેલું ઘર રખડતી હોય તેમાં છોકરાને શું કહે. બાળકોને શું આપે. બાળકોને નાનપણથી જ સંસ્કાર આપવા પડે. જે ગોપીચંદ રાજાની માતાએ મેનાવતીએ ગોપીચંદને બાળપણથી જ સંસ્કાર આપ્યા. હાલરડા નાખતી વખતે

शुद्धोसी बुद्धोसी निरंज्नोसी,
संसार माया परिवर्जीतोसी ।
संसार स्वप्नं त्यजमोह निन्द्रा ,
मदालसा वाक्यमुवाचपुत्रम् ॥

એક નહીં ચાર ચાર પુત્રોને સંસ્કાર આપ્યાં કેટલા પુત્રોને ? અને આપણે એક પુત્રને સંસ્કાર આપી શકતા નથી. કયાંથી આપાય બાવો થઈ જાય. બાવો થઈ જાયને ? અને તમને તો એમ લાગે છે ને કે બાવો થવામાં તો બહું સારૂં છે, સારૂને ? સાધુ થવામાં

ત્રણ લાભ. નહીવેરો, નહી વેઠ, બાપુ બાપુ સહુ કહે સુખે ભરે પેટ. નવી ગાડી લાવોને તોય ટેક્ષ આવે, નવો બંગલો બનાવોને તોય ટેક્ષ આવે. આ કપડા પહેરવામાં ટેક્ષ સરકારને ભરવો પડે. નો ભરવો પડે, પછી નહી વેરો નહી વેઠ. વેઠ એટલે સાકરી. આપણે તો સેવા કરવી પડે છે. મહાપુરુષોની, સદ્‌ગુરૂની સેવા કરવી પડે છે ને ? પણ આ કપડા પહેરે તો કરવી પડે ? નો કરવી પડે ને. બાપુ બાપુ સબ કહે સુખે ભરે પેટ. બાપુ મારા ઘરે પધારો, મારા ઘરે ભોજન કરો અને સુખે ભરે પેટ અને માલ મલીંદા, દુધ પાક, પુરીને લાડવા બધુ ઉલાળે સાઝુને કેટલો લાભ બોલો ? સાઝુને. આવતારોને બે પાંચ જણા ખબર પડે. સાઝુને તમને બધાને સાઝુ લાગતું હોયને તો આવતા રહોને.

**સંતના સંત પણારે નથી મફતમાં મળતા,**
**નથી મળતમાં મળતા એના મુલ સુકવવા પડતા..**
**સંતના સંત પણારે નથી મફતમાં મળતા.**

કારણ કે જયાં સુધી સંસ્કાર આપવામાં ન આવે તો સંસ્કાર આવે કયાંથી. મેનાવતીએ પોતાના પુત્રને ગોપીચંદને સંસ્કાર આપ્યા, ધ્રુવની માતાએ ધ્રુવને સંસ્કાર આપ્યા, શિવાજીની માતા જીજાબાઈએ શિવાજીને હાલરડામાં હાલરડા નાખતી વખતે સંસ્કાર આપ્યા, એ પ્રહલાદજીને માતા કયાધુએ સંસ્કાર આપ્યા, સંસ્કાર વગર કયાંથી થઈ શકે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. પણ ઈ સંસ્કાર આપવાની જરૂર છે. જયાં સુધી માતા-પિતા દ્વારા સંસ્કાર ન મળે ત્યાં સુધી એ બાળક સંતોની પાસે પહોંચી કેમ શકે. કે પોગી જાય એમ નેમ ? સારા સંસ્કાર આપવાને માટે મહેનત કરવી પડે છે. કેમ કે બાળકને તમે રસ્તો બતાવો તો એ કરવા તૈયાર છે. પણ રસ્તો બતાવે કોણ. પાંચ વરસ સુધી તો આપણે બાળકને ઘરમાંથી બહાર કાઢતા નથી. અને પછી પચ્ચીસ વરસનો થાય ત્યાં સુધી તો આપણે તેને છોડતા નથી. ભણે છે ને ? કે છે ભણે છે ને ? અને ભણ્યા પછી ? ભણ્યા પછી તેને શું કરીએ છીએ ? એ ભણ્યા પછી તો એ તરત જ ગળામાં ગાળીયો નાખી દયો છો. અમે ગાળીયામાં પડયા છીએ તુય પડ. હવે તારોય નીકળવાનો વારો નથી અમારી જે દશા થઈ તે તારી દશા. એમ એક આંધળો બીજા આંધળાને દોરે તો જાય ક્યાં

**अविद्यायामन्तरे वर्तमानाः**
**स्वयं धीराः पण्डितम्मन्यमाना ।**
**दन्द्रम्यमाणाः पच्यियान्ति मूढा**
**अन्धै नैव नीयमाना यथान्धाः ॥**

યમરાજા નચિકેતાને કહે છે કે, નચિકેતા એક આંધળો બીજા આંધળાને દોરે તો જાય ક્યાં ? નાખે કયાં ? એમ જીવો અવિદ્યાની અંદર રમણ કરે છે. અને પોતાને પાછા એમ સમજે છે કે અમારી જેવો કોઈ મોટા નથી. તો એ અવિદ્યાની અંદર રમણ કરે છે. અંધારાની અંદર આથડે છે અને પોતાને શું સમજે. એટલે નાનપણથી જ બાળકોને સંસ્કાર આપી શકાય છે. અને એ મદાલશાએ પોતાના ચાર ચાર પુત્રોને ભવસાગરથી પાર કર્યા એ માતાને આજે યાદ કરવામાં આવે છે.

**''જનની જીવો રે ગોપીચંદની,**
**પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી,**
**ઉપદેશ આપ્યો એણી પેરનો,**
**લાગ્યો સંસારીડો આગજી... જનની જીવો રે...**
**ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી,**
**કહ્યાં કઠણ વચનજી...**
**રાજપાટ સુખ પરહરી,**
**વેગે ચાલીયા વનજી....જનની જીવો રે ...''**
**''જીરે માતા ભલી રે મદાલશા,**
**પ્રીતે પુત્રોને પોચ્યું છે જ્ઞાન,**
**ટાળ્યું અભિમાન.... હેતે ગાયા હાલરા...**
**જીરે કુવર રૂવે છે શા કારણે,**
**તુ તો શુદ્ધ ચીદાનંદ ધામ,**
**કલ્યુ હમણા નામ.... હેતે ગાયા હાલરા...**
**કહે છોટમ ધન્ય એ માતને,**
**જેણે ચેતાવીયા સુતચાર,**
**થયા ભવપાર.... હેતે ગાયા હાલરા...''**

તો નાનપણથી જ બાળકોને સંસ્કાર એ આપી શકાય છે. કેમ કે બાળકોનું ધ્યાન રાખજો, સારા સંસ્કાર આપવાને માટે મહેનત કરવી પડે છે અને આખી દુનિયામાં સારા સંસ્કાર આપવા જગ્યાઓ બની છે. બાળ મંદિરથી તે કોલેજ સુધી સારૂં શીખવાડવા માટે જ સંસ્થાઓ અને સરકાર અને ટ્રસ્ટોલોગ બનાવે છે સંસ્થાઓ. શું બનાવે છે બોલો ? બાળમંદિરથી અને હવે તો આંગણવાડી સરકારે કર્યુ છે. નાનપણથી ત્રણ વરસથી જ આપણા છોકરા ભણવા જાય છે ને ? પણ સારૂ શીખવાડવા છતા આજે દુનિયામાં કોઈ જગ્યાએ મોળું શીખવાડવા માટે બાળમંદિર, આંગણવાડી કે કોલેજ નથી બોલો ? બાળકને ગાળ શીખવાડવા માટે

કોઈ કોલેજ છે. બાળમંદિર, આંગણવાડી તો બાળકોને ગાળ દેતા શીખવતા નથી ને ? કે શીખવાડે છે ? તો કયાં શીખે મોળું. શીખવાડવા માટે કયાંય જગ્યા છે. તો શીખી જાય છે કયાં ? એ જન્મો જન્મના સંસ્કાર છે. પણ સારૂ શીખવાડવાને માટે પુરુષાર્થ કરવો પડે, મહેનત કરવી પડે છે. નિતીકારો કહે છે.

**માત્રી પીત્રી કૃપાભ્યાઓ ગુણીતાં એતી બાળકઃ ।**
**ન ગર્ભ ચુતી મત્રેણ પુત્ર ભવતી પંડીતઃ ॥**

નિતીકારો કહે છે કે માતા-પિતાના પુરુષાર્થથી **ગુણીતાં એતી બાળકઃ** બાળક ગુણી બને સુચીલ બને સંસ્કારી બને કેવલ માતા-પીતાના **નગર્ભ ચુતી માત્રેણ** કેવલ જન્મ આપવા માત્રથી જ માતા-પીતા વિદ્વવાન બનાવી શકતા નથી. સંસ્કારી બનાવી શકતા નથી. માતા-પીતા એમ જે સમજે છે કે આપણે જન્મ આપી દીધો એટલે આપણી ફરજ પુરી થઈ ગઈ. થોડો નવડાવી અને પછી શું કરે ખબર તમને ધોળું ધોળું કાંઈક મોઢે ચોપડે એક જોડી કપડાં પહેરાવી દે. પછી કપાળમાં કાંઈક કાળું કરે અને પગના તળીએ કાળુ કરે. શું કરવા કાળું કરવાનું ? નજર પડે, કોની નજર પડે, કોની નજર લાગે ? કોકની નજર લાગશે તો વાંધો નહીં, પણ એની નજર કોઈની પર લાગી ન જાય ધ્યાન રાખજો નહીંતર હેરાન થઈ જાશો. એની નજર જો કોઈની પર લાગી ગઈ. તો તમે ગમે તેટલું કરશો તોય નહી માને અને અત્યારે તો હા જ પાડી દેવી પડે છે. યાદ રાખજો નાનપણથી જ સંસ્કારની જરૂર છે. એટલે ભલે આપણે નાનપણથી બાળકોને સંસ્કાર આપી શકતા ન હોય. તો સંતોની પાસે જો લઈ જાય. આપણે આંગળીએ પકડીને લઈ જાઈએ તો સંસ્કાર પડે. કેમ કે બાળકોને અનુકરણીય વધારે પ્રિય છે. તમે કહેશોએ નહી કરે. તમે કરશો એ તરત જ કરવા લાગશે. ધ્યાન રાખજો ? એને કહેવાની જરૂર નહી પડે. બાળકોને શીખવાડવાની જરૂર નથી. એને પાસે સંસ્કાર છે. જન્મો જનમનાં. ઘરમાં જેવું જોવેને એવું એ બાળકો શીખે છે. ભલે એને વાણી નથી એને હજી બુધ્ધિ વિકસીત નથી થઈ પણ કોરી કેસટમાં એને સંસ્કાર પડી જાય છે. તમે જો જો બાળકને ચાર પાંચ વરસના બાળકો બજારમાં રમવા જતા હશે ને ? બાળક પોતાની આંગળી જેવડું સાઠીકું લેશે અથવા તો એરડાના પાંદડાની ડાંડલી લે અને બંને આંગળીમાં પકડે અને બીજા છોકરાને કહેશે કે જો મારા બાપા આમ કરી આમ કરે છે અને આમ ઉપર ધુમાડા કાઢે, તો બીજો છોકરો શું કહે છે. તારા બાપા એમ કરે છે ને ? તો બીજો છોકરો હાથમાં બજારની માટી લે અને ટાપલી મારે અને કહે મારા બાપા આમ પકડીને આમ મોઢામાં મુકે એ તમે શીખવાડયું નથી કે શીખવાડયું તમે ? એ જોવા માત્રથી જ સંસ્કાર પડયા. અને તમે એ બાળકને પાંચ વરસના બાળકને લઈને મહાત્માની પાસે જાવ એને કહેવાની જરૂર નહી. પણ આપણે શું કરીએ ? શું કહીએ છીએ. લે મહારાજને પગે લાગ, મહારાજને પગે લાગ, મહારાજને પગે લાગ. ત્રણ ત્રણ વખત કહો તો એ ન માને અને પછી તમે કહો કે માનતો જ નથી. લે મહારાજને પગે લાગ તો એ શું કહે પહેલા તમે લાગો પછી મને કહો. પહેલા તમે લાગો. આપણે તો એમનામ ઉભા રહીએ છીએ અને છોકરાને કહીએ છીએ. સંસ્કાર કયાંથી પડે ? એ નાનપણથી જ સંસ્કાર આપવામાં આવે અને જો તમે સંતોની સામે લાંબા થઈને પડી જાવ તો કહેવાની જરૂર નહીં. શું કરે એ કોક બાળકો તમારી ઉપર પડે. કાતો બાજુમાં પડે, બાપાની ઉપરય પડેલા જોયા છે અને પડખેય પડેલા જોયા છે. તમે નહી કહોને તોય પડી જાય એ અનુકરણીય છે. એને અનુકરણ વધારે પ્રિય છે. કહેવાથી એને બુધ્ધિ વિકસીત ન થાય એટલે કહેશો તો નહી માને પણ કરવા લાગી જાવ. તમે કરો એટલે જ ભગવાને શ્રીમદ્ ભગવત ગીતાના ત્રીજા અધ્યાયમાં શ્લોક એકવીસમાં કહ્યું,

**યધદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।**
**સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥**

જેવું એ વડીલો કરે એવું જ ભગવાન કહે છે. હે અર્જુન પાછળની પ્રજા જોઈને કરે છે. જ્યાં સુધી એમ બાળકોને શીખવાડવાની ભાવના નથી ત્યાં સુધી મહાપુરુષો પાસે આવશે તોય સંસ્કાર કયાંથી પડશે. કમ સે કમ એ આગળની પેઢીનો જો વિચાર કરીએ તો માતા-પિતા એ સાવધાન થવાની જરૂર છે. આપણે પોતાના બાળકોને કહી શકતા નથી. કેમ સાસુમાં સત્સંગમાં જાય અને વહુને કહો કે તમે કેમ આવતા નથી તો વહું સાસુને પુછે કે તમે કયાં ગયા થા તો કહે સત્સંગમાં ગયાથા. ત્યારે વહું કહે શું મળ્યું. તો કહે કશું ન મળ્યું, તો કહે કશું ન મળ્યું ? તો કહે પ્રસાદ મળ્યો થો તે ખાઈ ગઈ. બીજું કાંઈ ન મળ્યું. તો કહે તમે આટલા વર્ષથી જાવ છો અને કાંઈ મળ્યું નહીં તો અમારે

જાવાની શી જરૂર છે. આપણે આટલા વર્ષથી સત્સંગ કરીએ છીએ જ્ઞાન લઈએ છીએ આપણે આપણા પુત્રને કહી શકીએ છીએ. ના ? તો કેમ ? વિચાર કરો એ ગુરૂપૂર્ણિમાના દિવસે ક્રિયાત્મક પુજન કર્યુ, દ્રષ્ટાત્મક પુજન કર્યુ અને એ લાભ કહે છે કે ગુરુના ચરણનું પુજન કરવાથી...

**ગુરૂપદ પંકજ પૂજતાં, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંચીને શારદા, ગુરૂના જશ ગાય,**
**સાંભળ શુધ્ધ ચિતે કરી...**

આપણે પૂજન કર્યુ તો અંતઃકરણ શુધ્ધ થાય. રૂપિયા પૈસા નહી મળે યાદ રાખજો. રૂપિયા પૈસા તો મહેનત કરવાથી મળશે. આળસ પ્રમાદ છોડવાથી મળશે.

## એકાદશી શા માટે કરવાની ? સાચા અર્થમાં એકાદશી

રજુ. મંજુલાબેન જે. કોશિયા (ચોગઠ)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

આજનાં કાળમાં આપણે ઘણા બધા પ્રકારે એકાદશી ઉજવીએ છીએ અથવા એકાદશી વિશે સમજીએ છીએ પણ આજે ભારતીય સંસ્કૃતિ અને ઋષિ પરંપરા ઉપર જે ધૂળ ચઢી છે તેને દુર કરવાનો પ્રયત્ન કરવો છે.

સાચા અર્થમાં એકાદશી એટલે ઋષિઓએ આપેલી વાત. માનવને માટે, માનવનાં જીવન વિકાસ માટે, ભગવાનની સમીપ જવા માટે, ભગવાનનાં કરેલા પ્રેમને ઓળખવા માટેનું અમોઘ હથિયાર એટલે એકાદશી.

આજનાં કેટલાક અગ્રણીઓ બહેનોની પ્રશંસા કરીને કહે છે કે 'બહેનો એ ધર્મ ટકાવ્યો છે' પણ જે ધર્મ ટકયો છે તે અંધશ્રધ્ધા પર ટક્યો છે, વહેમ આધારીત આ ધર્મ છે. વહેમી ધર્મ બહેનોએ ટકાવ્યો છે 'એ ન ટકાવ્યો હોત તો સારૂ થાત' એમ લાગે છે, બહેનો એ ધર્મ ટકાવ્યો છે એવું કહેવાય છે ત્યારે બહેનો એ ધર્મ સમજી છે ખરી ? મંદિર શા માટે છે ? બ્રાહ્મણ ભોજન શા માટે ? મૂર્તિપૂજા શા માટે ? એકાદશીનો ઉપવાસ શા માટે છે એ તેમને ખબર છે ? એ સમજવાની તેમણે કોશિશ કરી ? આપણે ત્યાં એકાદશીએ સાબુદાણા ખાવા કે બટેટા ખાવા, એની જ ચર્ચા ચાલે છે. કોઈ કહે કે તે દિવસે બિલકુલ ખાવું જ નહિ, આ કંઈ એકાદશીનો ઉપવાસ છે ? તમે નિર્જળા એકાદશી કરો પણ તેમાનું હાર્દ તો સમજો ! અને જો તમે આ ન સમજ્યા હો તો તમે જે કંઈ કરતા હો, તમે જે કાંઈ ટકાવ્યું હોય તે ધર્મ ગણાતો હોય તો તે ધર્મ એટલો અર્થહીન છે કે તે વિશ્વને આપવા લાયક જ નથી. આવા ધર્મની ભારત સુધ્ધાને જરૂર નથી, વિશ્વને તો નહિ જ. એકાદશી એ કેટલું મોટું વ્રત છે ! આપણું આ આખું જીવન પ્રભુ ચલાવે છે. અનંત જીવનસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ છે તેમા ભગવાન બેઠો છે, 'ભગવાન આપણી અંદર બેઠો છે' એ તો તમે માન્ય કરશો જ ને ? તમારૂ હૃદય ભગવાન ચલાવે છે કે તમે ચલાવો છો ? તમને ઊંઘ ભગવાને આપી છે કે તમે લાવી છે ? તમને ભગવાન ઉઠાડે છે કે તમે ઉઠો છો ? તમે કહો છો કે અમે ઉઠયા. પણ હકીકતમાં ઉઠયા પછી તમને ખબર પડી કે તમે સભાન થયા, ઉઠયા પહેલા તમે ન હતા, ઉઠયા પછી, આંખો ખોલ્યા પછી તમને ખબર પડી કે તમે સુરતના વિમળાબેન છો.

'આંખથી જોઈએ છીએ, કાનથી સાંભળીએ છીએ, પગથી ચાલીએ છીએ, જીભથી રસ ચાખીએ છીએ, મધુર વાક્ય બોલીએ છીએ, હાથથી ઘણાં સરસ કામ કરીને આરામ કરીએ છીએ, ઊંઘ લઈને આનંદથી ફરીને ઉઠીએ છીએ એ ઈશ્વરની કૃપા છે.' તો પછી તેના માટે (ભગવાનને માટે) તમે શું કરો છો ? ભગવાન ચોવીસ કલાક આપણું જીવન ચલાવે છે કે નહિ ? તેથી એક દિવસ તેના માટે આપવો એટલે એકાદશી. તેનું હું કામ કરીશ તેથી જમવામાં જો મારો એક કલાક ફોગટ

જાય તો પખવાડિયામાં ભગવાનનાં કામમાં એક દિવસ જમીશ નહિ. પણ ભૂખ લાગે તો ? દૂધ પી લઈશ, જરૂર પડશે તો ફળ ખાઈ લઈશ. પછી ઉપવાસનું સાહિત્ય આવ્યું, સામગ્રી આવી. સુરણ ચાલે, બટાટા ચાલે પણ ફલાણુ ન ચાલે. મહારાષ્ટ્રમાં દુધી અને કોળુ ચાલે તે આપણે ત્યાં ન ચાલે આપણે ચાલે તે તેને ન ચાલે, શું નથી ચાલતુ એકાદશીને દિવસે ? બધુ જ ચાલે એવું છે. એક પણ પદાર્થ એવો નથી જે એકાદશીમાં ન થતો હોય. આ દ્રષ્ટિથી વિચાર તો કરો કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?

તેથી જ ભગવાન પાસે જવા માટે પહેલા કૃતજ્ઞતા જોઈએ, કૃતજ્ઞતા એટલે મળેલા પ્રેમને ભાવપૂર્ણ હૃદયે, સમજીને યાદ કરવો તે. તે આપણું શરીર ચલાવે છે, જીવન ચલાવે છે, એ શીખવવા માટે જ એકાદશી છે. માણસે સંકલ્પ કરવો જોઈએ કે "એક દિવસ હું ઝુપડાઓમાં જઈશ, એવા લોકોમાં જઈશ કે જે લોકોને ચાર શ્લોક પણ આવડતા નથી, તેમને જઈને શીખવીશ." આને પ્રભાવી એકાદશી કહેવાય. એકાદશી એટલે ભગવાનને આપેલો એક દિવસ, તે માટે અગિયારસનો દિવસ જ કેમ લીધો ? ચતુર્થીના કેમ ઉપવાસ નથી કરતા ?

આ એકાદશી પાછળ અર્થ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય મળીને દસ થાય -**इन्द्रियाणि दशैकं च ।** દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન, એમ અગિયાર તત્ત્વો છે તેથી મહિનાનો અગિયારમો દિવસ એટલે એકાદશી ! એકાદશી એટલે પંદર દિવસમાં 'એક દિવસ' ભગવાનને આપવો, તેમાં મારા સ્વાર્થનું કોઈ કામ નહિ, ભગવાનને ગમે એવું કામ કરવું જોઈએ આ ધર્મ સમજવો જોઈએ, પણ આપણે ધર્મ સમજ્યા નહિ અને સાબુદાણાનાં વડા બનાવીને ખાવા લાગ્યા, પણ એનાથી શું મળ્યું ? તમને પોતાને શું મળ્યું ? સંસ્કૃતિને કે રાષ્ટ્રને શું મળ્યું ? ભગવાનનું તમે શું કામ કર્યુ ? ફક્ત ખોરાક બદલાયો. રોજ શાક ખાતા હતા, આજે સાબુદાણાની ખીચડી ખાધી, માત્ર વાનગી બદલાઈ, એકાદશીની આવી કલ્પના ગીતામાં નથી બતાવી. ખાવું કે ન ખાવું એની ચર્ચા ગીતામાં નથી કરી. કેવળ ઉપવાસમાં આધ્યાત્મિકતા છે જ નહી, એમ ગીતા કહે છે : **नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।** (૬/૧૬) ખાવાનું છોડી દેવાથી યોગ થવાનો નથી, ભગવાન પાસે ચિત્ત એકાગ્ર કરવું હોય તો કંઈક ત્યાગ કરવો જોઈએ, પણ આવા ઉપવાસ કરવાથી કંઈ ભક્તિ થતી જ નથી, સાત દિવસ ઉપવાસ કર્યા અને નિષ્ક્રિય થઈને પડયા રહ્યા. શરીર, તબિયત માટે કરતા હો તો કરો. માણસ જાડો થઈ ગયો હોય તો ઉપવાસ કરે, પણ તેને અને ધર્મ કે ભક્તિ સાથે શું સંબંધ ?

સમજો કે બધા લોકો આ રીતની એકાદશી કરતા હોત, તો એક પણ માણસ એવો રહી જાત કે જેને ગીતા ન આવડતી હોત ? જેને દશ શ્લોક ન આવડતા હોત ? આપણે પોતાને હિન્દુ કહીએ છીએ આપણી પાસે શું છે ? માણસ રાજકીય દ્રષ્ટિથી હિન્દુ ગણાય છે આપણને મુસ્લિમ લોકો હિન્દુ કહે છે માટે આપણે હિન્દુ છીએ આપણી પાસે હિન્દુ ધર્મનું શું છે ? આપણને એક સ્તોત્ર પણ નથી આવડતુ, બે ગીતાના શ્લોક નથી આવડતા. યુરોપમાં ૮૦% બાઈબલ આવડતુ ન હોય એવો એક પણ માણસ કયાંય નહિ મળે, પણ આપણા દેશમાં ૧% લોકો પણ એવા નથી જેને ગીતાના શ્લોક આવડતા હોય; અને છતાં આપણો દેશ ગણાય ધર્મ પ્રધાન દેશ ! શરમ આવવી જોઈએ, કારણ કે ધર્મનો અને આપણો સંબંધ જ શું છે ? પણ આજે તો આપણે જે કરીએ તે ધર્મ, એવું રૂપ આવ્યું છે. ગીતાએ આના પર પ્રહાર કર્યો છે.

**अधर्म धर्ममिति या मन्यते तमसावृता ।**
**सर्वार्थान्विपरीतांश्च बुध्धिः सा पार्थ तामसी ॥**
(૧૮/૩૨)

અધર્મને ધર્મ માનીને તમે આયુષ્ય ભર કર્મ કરો તો પણ તમને કંઈ મળવાનું નથી, માટે એકાદશી શું છે તે જાણી લો અને કર્મ કરો.

# સત્સંગથી થતો લાભ...

રજુ. હંસાબેન બી.
(ચોગઠ)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પ્રભુને પામવાના પ્રરીયાણ જુઓ ? આપણે ઘણા સત્સંગો તેમજ સભામાં જઈએ છીએને ? સાંભળીએ છીએને ? વાતો કરીએને કહીએ અહીં તો બહુ સારો સત્સંગ છે. બહુ મજાનો સારો લાભ છે. પણ આ બધું કયારે કરવું કયાય જ યાદ રહે નહી તો શું આમાથી લેવું ને જાણવું કાંઈ ખરૂ બસ એક જ ધ્યેય કે આ કરવું પેલું કરવું બસ આજ તલ્લપના. યાદ તો રાખવું છે ઘણું ભજન કરવું છે. પણ શું થાય ભાઈ આપણી પાસે છે. ભાર રૂપી (બીજારૂપ) ગાસડીઓ છે. તેને માથે લઈને ફરીએ છીએ તો કઈ ગાંસડી એ કે કામ ક્રોધ લોભ દેખા દેખી સારા નરશાની ગાંસડીઓ આ બધી ગાંસડીઓને જરાક વાર નીચે ઉતારીએ તો જરૂર ને જરૂર કાઈને કાઈ યાદ રહેશે. આ ગાંસડીઓ ભારરૂપ છે. આ બધો કચરો છે. તેના મોટા મોટા પોટલા બાંધી બાંધીને માંથે મુકી દીધા છે. માટે કાઈ સુજવા દેતા નથી ને પાસા કહે ચાલી સત્સંગમાં બધુ ગયુ ઘરે 'ના' 'ના' ભાઈ આ બધુ આપણે બોલીએ છીએ નીચે નથી મુકતા જો થોડી વાર નીચે ઉતરે ને એક ચિંતથી જો સાંભળીયે તો જરૂર ને જરૂર યાદ રહે ને તેમાં અનેરી શાન્તીને પ્રેમની વરસાયો થાય છે. ને શાન્તી શાન્તી. તો શાન્તી કેવી ? શાન્તી કયા, જુવો શાન્તી કાઈ બજારમાં નથી આપણી અંદર જ છે. તેની તપાસ કરો કયાં શાન્તી બહાર નથી શાન્તી આપણી અંદર જ છે. જુવો ભજનમાં કહ્યું છે. **હદયમાં જુવો તપાસી રે છુપાયેલો ખજાનો છે.** તો કયો ખજાનો કે આપણને ગુરૂજીએ આપેતો મહામુલ્લો ખજાનો આપણો જીવન મંત્રનો ખજાનો ઘટો ઘટમાં રહેલો એક સરખો રહેલો મહામુલ્વાન ખજાનો તે મળવાથી શાન્તીનો અનુભવ થાય છે. ને પરમ પ્રકાશ રૂપ આત્માનો આનંદ મળે છે. પણ આ બધુ ક્યારે મળે કે પરમ ગુરૂજીની કૃપા થાય ત્યારે આ કૃપા પણ ક્યારે થાય કે આપણામાં રહેલ વહેમ ખોટી દેખા દેખી હું અને મારૂં આ બધુ જ્યારે ઓછું થાય ત્યારે આ મન શાંત પણ બેસે ત્યારે જરૂરને જરૂર પરમ શાન્તી અનુભવાય. સદા મોટા પણુ ભૂલી જશુને આપણા જીવન મંત્ર ઉપર અડગ વિશ્વાસને શ્રદ્ધા પૂરી થશે ત્યારે આપો આપ જીવનનો પલટો પલટાય જશે પણ આ ગુરૂજીના શબ્દ ઉપર એટલે શ્રદ્ધા જરૂર કરવી આપણે સવાર સાંજ માળા પૂજા આરતી પ્રાર્થના કરીને કહીએ બસ. આપણે કરીને કહીએ અમે તો બહુ ભજન કરીએ 'ના' 'ના' ભાઈ બહેનો આ તો એક આપણો ક્રમ બંધાણો છે. તો આટલાથી કાંઈ નહી થાય. શ્વાસે શ્વાસ જીવનમાં ચાલતા શ્વાસની સાથે જીવનમંત્ર એટલે આપણા ગુરૂજીએ દીધીલો મંત્ર તેનું ઉચારણ કર્યુને તેમાંથી મળેલો આનંદ તેજ પરમ આનંદ આ આનંદ જો મળે તો જ પ્રભુની પ્રાપ્તિ થઈને તે જ મનને શાન્તિ મળે આપણે ભજન બોલીએ છીએ કે **જેને હોય ગુરૂ વચને વિશ્વાસ અભય પદ ગુરૂ આપશે.** તો આતો અભય પદ છે. ભય વગરનું કોઈ દિવસ ખુટે નહી તેવું છે. તો બહાર કાંઈ ખોળવાનું છે આતો ઘટોઘટમાં રમે છે. શ્વાસો શ્વાસ ચાલે છે. જો ગુરૂની કૃપા થાઈ તો આનંદ ભરપૂર મળે છે. જો મોજથી ગુરૂના સાનીધ્યમાં રહીએ ત્યારે જ સાચી શાંતિ મળે ને શાન્તીનું સ્વરૂપ દેખાય છે. આપણે ઘણા ફાફા મારીએ છીએ પણ શું મળ્યું. કાંઈ જ નહી જ્ઞાન તે બધા પાસે છે પણ શું થયું આપણને ખોટાનો હિસાબ દેખાય છે. સાચાનો નથી દેખાતો ખોટું નહીં ટકે સાચું જરૂર ટકે છે. ને સિધ્ધ થશે પણ પરમાત્મા રાખે તેમાં રહેવાની ખરી મજા છે. તેમાં સંતોષ છે. આપણું કાંઈજ ધાર્યું નથી થવાનું આતો માયાનો ખેલ છે. જગતના નાથે દીધેલા માટીના રમકડામાં રમવાનું છે. પણ આમાથી રમીને બહાર નીકળવું તે જ મોજ છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

પાલડી ગામના સ્વ. દેવશીભાઈ કરમશીભાઈ ભરોડીયા (ઉમર વર્ષ ૬૫) સંવત ૨૦૭૨ શ્રાવણ સુદ ૧૩ ને તા. ૧૬/૦૮/૨૦૧૬ ને મંગળવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ચમારડી ગામના સ્વ. ભીખુભાઈ દેવજીભાઈ દિયોરા (ઉમર વર્ષ ૭૭) સંવત ૨૦૭૨ શ્રાવણ સુદ પુનમને તા. ૧૮/૦૮/૨૦૧૬ ને ગુરૂવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.




### પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૨-૯-૨૦૧૬ થી તા. ૧૬-૯-૨૦૧૬ સુધી - ગામ ભીંગરાડ.
- સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ભીંગરાડ, તા. દામનગર, જી. અમરેલી.
- તા. ૧૭/૯/૨૦૧૬ ચાણોદ પધારશે.



### પ.પૂ. સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ

- તા. ૧૯/૦૭/૨૦૧૬ થી તા. ૧૬/૦૯/૨૦૧૬ સુધી ભુવાલડી.
- સવારે ૬.૩૦ શ્રી ગુરૂગીતાનો પાઠ.
- સાંજે ૪ થી ૫.૩૦ ભજન - સત્સંગ - આરતી.
- સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ભુવાલડી, તા. દશક્રોઈ, જી. અમદાવાદ.
- સંપર્ક : શ્રી ગોવિંદભાઈ (મો. ૯૯૨૫૫ ૦૪૯૯૯)



### પ.પૂ. શાસ્ત્રીશ્રી સુરેશ્વરાનંદજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૧૬-૯-૨૦૧૬ સુધી ચાતુર્માસ દરમ્યાન સુઘડ રોકાણ કરશે.
- સવારે ૬.૦૦ કલાકે શ્રી ગુરુગીતાનો પાઠ.
- સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રીમદ્ ભાગવત ઉપર મનનીય પ્રવચન.
- રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે ભગવત ગીતા - સત્સંગ.
- સ્થળ : આતંર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, નર્મદા કેનાલની બાજુમાં, કોબા સર્કલ, મુ. નભોઈ, તા. જી. ગાંધીનગર (અમદાવાદ).

**આથી અમદાવાદ તથા આજુબાજુના ગામના ભક્તો સત્સંગનો લાભ લેવા પધારશોજી.**



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૧૭/૦૯/૨૦૧૬ થી તા. ૨૦/૦૯/૨૦૧૬ સુધી હરિદ્વાર શ્રી માધવાનંદ આશ્રમ.

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (બદ્રીનાથ)**

- તા. ૨૧/૦૯/૨૦૧૬ થી તા. ૨૭/૦૯/૨૦૧૬ સુધી.
- સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ સુધી
- આયોજક : શ્રી અખંડાનંદ એકતા યુવા મંડળ, અમદાવાદ.
- સ્થળ : બદ્રીનાથ ધામ, ગીતા મંદિર, નદી કિનારે, ઉત્તરાખંડ.




### પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- શુક્રવાર તા.૧૬/૯/૨૦૧૬ સુધી ચાતુર્માસ.

**દૈનિક કાર્યક્રમ**

- સવારે ૫.૩૦ થી ૬.૧૫ શ્રી ગુરૂગીતા પાઠ, ૬.૧૫ થી ૭.૧૫ સ્વાધ્યત્મક સત્સંગ, વિષય - ઉપનિષદ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ - પ્રવચનાત્મક સત્સંગ, વિષય - શ્રીમદ્ ભગવદ્ ગીતા
  ૬.૩૦ થી ૭.૩૦ - આરતી, પ્રાર્થના તથા શ્રી શિવ મહિમ્ન સ્તોત્ર
- ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તા. ૧૭/૯/૨૦૧૬ થી તા. ૫/૧૦/૨૦૧૬ સુધી હરિદ્વાર.
- શ્રી માધવાનંદ આશ્રમ દક્ષ રોડ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર, ઉત્તરાખંડ. ફોન : ૦૧૩૩૪ ૨૪૬૬૭૫, મો. ૯૪૧૧૫ ૦૧૬૮૨

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ




- ભાદરવા સુદ પૂનમ શુક્રવાર તા.૧૬-૯-૧૬ સુધી ચાતુર્માસ.

**:: ચાતુર્માસ દરમ્યાન નિત્ય કાર્યક્રમ ::**

- પ્રાતઃકાળ - ૪.૩૦ કલાકે નર્મદા સ્નાન.
- સવારે - ૬.૦૦ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ તથા પ્રવચન.
- સાંજે - ૪.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રીમદ્ ભાગવત કથામૃત સત્સંગ.
- સાંજે - ૬.૦૦ કલાકે આરતી - ધોળ - પ્રાર્થના.

શ્રી માધવાનંદ આશ્રમ, મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા.
ફોન. ૦૨૬૬૩ ૨૩૩૩૬૨

- તા. ૧૬/૯/૨૦૧૬ ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીના દર્શને જતાં પહેલા તા. ૯/૧૦/૨૦૧૬ સુધી ફોન દ્વારા સંપર્ક કરીને જવું.
- તા. ૧૦/૧૦/૨૦૧૬ થી તા. ૧૬/૧૦/૨૦૧૬ સુધી સુરત.
- તા. ૧૬/૧૦/૨૦૧૬ રવિવાર શરદ પૂર્ણિમા મહોત્સવ સુરત મુકામે શ્રી માધવાનંદ આશ્રમ કરાડા ગામ તાપી કિનારે **પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.**



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**
**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ઓલપાડ)**

- કથા પ્રારંભ : ભાદરવા વદ ૨ ને રવિવાર તા. ૧૮-૦૯-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : ભાદરવા વદ ૭ ને ગુરૂવાર તા. ૨૨-૦૯-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : ભાદરવા વદ ૯ ને શનિવાર તા. ૨૪-૦૯-૨૦૧૬
- આયોજક : શ્રી કમલેશભાઈ સોની (મો. ૯૯૦૯૨ ૫૧૯૮૦)
- કથા સ્થળ : મુ. ઓલપાડ, જી. સુરત, તા. ઓલપાડ.


**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧૫-૦૯-૧૬ થી તા. ૧૪-૧૦-૧૬ સુધી हिन्द ચેનલ (ડી.એલ.-૨૦૨, જી.ટી.પી.એલ.-૨૭૯) ઉપર સવારે ૭.૦૦ થી ૭.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.**

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org** GET IT ON Google play | Download on the App Store

# સ્વામીશ્રી ચિદાનંદ ગોશાળા–ચાણોદ










સ્વામીશ્રી ચિદાનંદ ગૌશાળા નિહાળતા પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ શ્રી ભક્તો સાથે અખંડ આનંદ ધામ ચાણોદમાં...

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી ચાણોદ ધામમાં સ્વામીશ્રી ચિદાનંદ ગૌશાળામાં ગાયોને આપતા પ્રેમ...

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-